॥ હરિઃૐ ॥

Published by Hariom Ashram, Nadiad, Gujarat

# હરિઃૐ ગુંજન

HARI:OM GUNJAN (Gujarati Bi-Monthly)

Year : 5 • Issue : 2 • 5th September, 2022 • Price : Rs. 10



**પૂજ્ય શ્રીમોટાનો ૧૨૫મો પ્રાગટ્ય દિન (જન્મદિન) ઉત્સવ**

**નરોડા, અમદાવાદ ખાતે તા. ૧૭-૦૯-૨૦૨૨ ને શનિવાર તથા તા. ૧૮-૦૯-૨૦૨૨ ને રવિવાર**

(વધુ વિગત પાન નં. ૨ ઉપર આપેલ છે.)

હરિઃૐ  હરિઃૐ

**મારે સમાજને બેઠો કરવો છે** **સમાજ મારો ભગવાન (દેવતા) છે**

## હું સર્વત્ર વિદ્યમાન છું

પૂજ્ય શ્રીમોટાએ સમાજને બેઠો કરવાની પ્રવૃત્તિ માટે વર્ષ દરમ્યાન કુલ ચાર ઉત્સવ ઊજવવા મંજૂરી આપેલ, તેમાથી પ્રાપ્ત થયેલ ભંડોળનો ઉપયોગ સમાજને બેઠો કરવાની પ્રવૃત્તિમાં જ કરવો. ઉક્ત પરિપ્રેક્ષ્યને લક્ષમાં લઈને હરિઃૐ આશ્રમ, નડિયાદ દ્વારા **પૂજ્ય શ્રીમોટાના ૧૨૫મા અવતરણદિન (જન્મદિન)** નો ઉત્સવ ઊજવવા માટે અમોને યજમાન તરીકેનો મહામૂલો અવસર પ્રાપ્ત થયેલ છે, તો સર્વે સ્વજનોને તેઓના મિત્રવર્તુળસહિત પધારવા ભાવભર્યું આમંત્રણ.

**---------- ● આપના વહાલાં સ્વજન (યજમાન) ● ----------**

| | | |
|---|---|---|
| સ્વ. ચુનીલાલ મોહનલાલ પટેલ | સુજ્ઞશ્રી આશાબેન કનુભાઇ પટેલ | શ્રી મિતેષકુમાર કનુભાઇ પટેલ |
| સ્વ. શાન્તાબેન ચુનીલાલ પટેલ | શ્રીમતી અલકાબેન મુકેશકુમાર પટેલ | અ.સૌ. રંજનબેન મિતેષકુમાર પટેલ |
| સ્વ. કનુભાઇ ચુનીલાલ પટેલ | શ્રીમતી કાશ્મીરાબેન સુનીલકુમાર પટેલ | શ્રી કેવીન મુકેશકુમાર પટેલ |
| ગં.સ્વ. શકુન્તલાબેન કનુભાઇ પટેલ | શ્રીમતી સોનલબેન નૈમેશકુમાર પટેલ | શ્રી પાર્થ સુનીલકુમાર પટેલ |
| | | શ્રી યેશા સુનીલકુમાર પટેલ |

**---------- ● ફર્મ : માધવ કન્સલ્ટિંગ ● ----------**

**જે-૨૦૮, વ્હાઈટ બિઝનેશ હબ, વિમલ પાર્ક સોસાયટી સામે, નરોડા દહેગામ રોડ, અમદાવાદ-૩૮૨૩૩૦**

### ● ઉત્સવ તથા ઉતારાનું સ્થળ ●

**શ્રી નરોડા કડવા પાટીદાર સમાજવાડી**
**નરોડા-દહેગામ રોડ, નરોડા, અમદાવાદ મો. : ૯૭૧૨૯૯૭૫૫૦ (મિતેષ પટેલ)**

### ● ઉત્સવ કાર્યક્રમ ●

**તા. ૧૭-૦૯-૨૦૨૨, શનિવાર (સાંજે)**

- શોભાયાત્રા : બપોરે ૩-૦૦ થી ૫-૦૦ - એ-૩ ચિત્રકુટ બંગ્લોઝ, નરોડાથી નીકળી ઉત્સવના સ્થળે જશે
- સાંજે ૫-૦૦ થી ૭-૩૦ - હરિઃૐ ધૂન અને ભજન, હરિઃૐ સત્સંગ મંડળ, અમદાવાદ-નરોડા તથા પ્રાસંગિક રજુઆત
- સાંજે ૭-૩૦ થી ૯-૦૦ - યજમાન દ્વારા પ્રસાદનું આયોજન

**તા. ૧૮-૦૯-૨૦૨૨, રવિવાર (સવારે)**

- ૭-૦૦ થી ૭-૩૦ - ચા/કોફી, અલ્પાહાર
- ૭-૩૦ થી ૧૦-૦૦ - નિત્ય પ્રાર્થના, હરિઃૐ ધૂન અને ભજનો ડૉ. મિતાલી નાગ તથા સ્નેહ પટેલ
- ૧૦-૦૦ થી ૧૧-૦૦ - પૂજ્ય શ્રીમોટા વિશે ઉદ્‌બોધન (શ્રી કાજલ ઓઝા વૈદ્ય)
- ૧૧-૦૦ થી ૧૧-૩૦ - આશ્રમનો અહેવાલ, આભારવિધિ
- ૧૧-૩૦ થી ૧૨-૩૦ - આરતી, ગુરુવંદના, મહાપ્રસાદ

**નોંધ :** (૧) તા. ૧૭-૦૯-૨૦૨૨ ને શનિવારે બહારગામથી આવનાર સ્વજનોને ઉતારાના સ્થળે રાત્રિ રોકાણ માટે તેઓની સંખ્યા તા. ૧૫-૦૯-૨૦૨૨ (સાંજના ૬-૦૦) સુધીમાં નીચે જણાવેલ નંબર પર વ્હોટ્સએપ સંદેશો મોકલીને તેમ જ ફોનથી વાત કરવા વિનંતી.

**મિતેષ પટેલ : ૯૭૧૨૯ ૯૭૫૫૦** **નીતિનભાઇ રામી : ૯૮૨૫૦ ૩૮૧૦૧**
**સુરેશભાઇ વોરા : ૯૪૨૭૫ ૫૪૩૯૧** **રજનીભાઇ પટેલ : ૯૯૯૮૯ ૬૬૭૪૩**

(૨) **AMTS** બસ : કાલુપુરથી ૧૨૮,૧૨૭, ૬૬/૩, લાલદરવાજાથી ૧૨૫ (૩) **BRTS** બસ : કાલુપુરથી ૫, ૮, ૧૪

● અગત્યની બાબત ● હાલની પ્રવર્તમાન કોરોના મહામારી માટે સરકારશ્રી દ્વારા વખતોવખતનાં હુકમો તથા સૂચનો અનુસાર ઉત્સવ ઊજવવામાં આવશે. દરેક સ્વજને જવાબદારીપૂર્વક સ્વૈચ્છિક સામાજિક અંતર જાળવવું અતિઆવશ્યક છે.

હરિ:ૐ આશ્રમ, નડિયાદ પ્રકાશિત

# હરિ:ૐ ગુંજન

**'HARI:OM GUNJAN' (Gujarati Bi-monthly)**

**વર્ષ-૫, અંક-૨ માનદતંત્રીશ્રી : રાજેન્દ્રભાઈ રાવલ સપ્ટેમ્બર-ઑક્ટોબર, ૨૦૨૨**

## મંત્રજપ કેવો હોવો જોઈએ ?

ભગવાનનું સ્મરણ ગમે તે હોય. ભગવાનનાં હજાર નામ છે. ગમે તે કોઈ નામ હોય. મેં મારી મેળે ખોળી કાઢ્યું કે **શબ્દ ટૂંકામાં ટૂંકો હોવો જોઈએ. એમાં હ્રસ્વ સ્વર હોવા જોઈએ. જોડાક્ષરો ન હોવા જોઈએ. ચોથું કે આપણા શબ્દના ત્રણ સ્થળ. નાભિ, કંઠ ને મૂર્ધન્ય. ત્રણ. તે ત્રણેને સ્પર્શે એવો હોવો જોઈએ. તે જપ ઉત્તમ.** કોઈ વિદ્વાને, કોઈ સાધુએ, કોઈ શાસ્ત્રની વાત નથી મેં તો મારી જાતે શોધ્યું છે. કારણ કે હરિ:ૐ બોલતો હતો. તે બોલતાં બોલતાં. હરિ:ૐ બોલતો હતો એના પરથી મને વિચાર આવ્યો. અને જપ માટે ઉત્તમમાં ઉત્તમ કયો હોય ? કયો શબ્દ જપને માટે ? રેશનલ. મારા ગુરુ મહારાજે મને શીખવાડ્યું છે મને કે ગમે તેમ બધુ કરવું નહિ. એનું સાયન્સ હોવું જોઈએ. તો એ પરથી મને વિચાર આવ્યો. એટલે એના પરથી મેં જોયું કે ટૂંકામાં ટૂંકું જોઈએ તો મારા હરિ:ૐ એમાં હ્રસ્વ સ્વરો છે. જોડાક્ષરો મળે નહિ અને ત્રણે સ્થળને સ્પર્શે એવો. નાભિ, હૃદય નહિ કંઠ, હૃદય પછી આવે. નિરંતર થાય ત્યાં સુધી નહિ આવે. નાભિ, કંઠ ને મૂર્ધન્યને સ્પર્શે એવો હોવો જોઈએ. પણ એવો તો કોઈ લેતા નથી. આ તો મારું ખોળેલું છે ને તે સારું છે એવો મારો કોઈ દાવો નથી. પણ હું આ રીતે સમજું છું કે આ ટૅક્નિક એની, આ એની, આ છે ટૅક્નિક. ટૂંકામાં ટૂંકો શબ્દ કે હ્રસ્વ સ્વરો જેમાં હોય, જેમાં જોડાક્ષરો ન હોય અને અવાજના ત્રણ સ્થળ નાભિ, કંઠ ને મૂર્ધન્ય ત્રણેને સ્પર્શે. આ ઉત્તમ કહેવાય. આવો જે શબ્દ હોય તે.

*('જીવતા નર સેવીએ' દ્વિ.આ., પૃ. ૭-૮)* ***પૂજ્ય શ્રીમોટા***

## હરિ:ૐ આશ્રમ, નડિયાદને દાન-ભેટ આવકાર્ય છે.

આશ્રમના બેંકખાતામાં કોઈ પણ બેંકની પેમેન્ટ એપ, RTGS, NEFT કે IMPS મારફત નાણાં મોકલી શકાશે.

**હરિ:ૐ આશ્રમ, નડિયાદ**

| | | |
|---|---|---|
| બેંકનું નામ | : | BANK OF BARODA - બેંક ઓફ બરોડા, Mission Road Branch, Nadiad |
| સેવિંગ્સ એકાઉન્ટ નંબર | : | 72850100008267 |
| IFSC | : | BARB0DBMISS (Fifth Character is ZERO) (પાંચમો આંકડો શૂન્ય સમજવો.) |

આશ્રમને ઑનલાઇન પેમેન્ટ કર્યા પછી તેની જાણ વ્હોટ્સએપ મેસેજથી નીચે જણાવેલ વ્હોટ્સએપ નંબર પર પૈસા મોકલનાર સ્વજનનું નામ, સરનામું (પીનકોડ સહિત), **મોબાઈલ નંબર, પાનકાર્ડ તેમજ આધારકાર્ડ નંબર** પણ અચૂક દર્શાવશો કે જેથી મળેલ નાણાની પહોંચ ત્વરીત પાઠવી શકાય.

**ઉપરોક્ત પદ્ધતિથી 'હરિ:ૐ ગુંજન'નું લવાજમ પણ મોકલી શકાશે.**

**(ઈન્કમટેક્ષ એક્ટની કલમ ૮૦(જી)(૫) અન્વયે ભેટની રકમ કરમુક્તિને પાત્ર છે.) (પાન કાર્ડ નંબર અવશ્ય લખવો.)**

**વ્હૉટ્સએપ નંબર : પરેશભાઈ શાહ (મેનેજર) : ૯૪૦૮૯ ૨૦૭૫૭ અથવા રાજેન્દ્રભાઈ રાવલ : ૯૯૭૮૪ ૦૫૨૩૧**

www.hariomashram.in
hariommota10@gmail.com

ટ્રસ્ટીમંડળ

શ્રી જિતેન્દ્રકુમાર જી. અમીન
શ્રી રાજેન્દ્રભાઈ બી. રાવલ
શ્રી જોગેશ(મંગેશ)ભાઈ ડી. પટેલ
શ્રી પ્રણવભાઈ એસ. પટેલ
શ્રી કીર્તિભાઈ બી. પરમાર

**પમી તારીખે દ્વિમાસિક અંક પ્રગટ થાય છે.**
પત્રવ્યવહાર/સરનામું બદલાયું હોય તો ગ્રાહક નંબર સાથે વોટ્સએપ નંબર ઉપર અથવા હરિઃૐ આશ્રમ, પો.બો. નં. ૭૪, નડિયાદ- ૩૮૭૦૦૧ને લેખિત જાણ કરશો.

**હરિઃૐ આશ્રમ, નડિયાદ**
**સંપર્ક : મો. ૭૮૭૮૦ ૪૬૨૮૮**
**વોટ્સએપ નં. : ૯૪૦૮૯ ૨૦૭૫૭**

**લવાજમ દર**

**છૂટક નકલ : રૂ. ૧૦/-**
**વાર્ષિક : રૂ. ૬૦/-**
**પાંચ વર્ષ માટે : રૂ. ૨૫૦/-**
**દસ વર્ષ માટે : રૂ. ૪૦૦/-**

**❁ લખાણ અંગે ❁**

- શ્રીમોટાનાં સાહિત્ય વિષયક
- શ્રીમોટાનાં જીવન વિષયક
- પોતાના મૌન-સાધનાના અનુભવો
- કાવ્ય, નિબંધ, વાર્તા કે સંવાદ સ્વરૂપે સ્વચ્છ અને સુવાચ્ય સાહિત્ય મોકલવું.
- નડિયાદ આશ્રમની પ્રવૃત્તિવિષયક માહિતીને યોગ્ય સમયે સામયિકમાં સ્થાન આપવામાં આવશે.

**પ્રકાશન સ્થળ** : હરિઃૐ આશ્રમ, શેઢી નદીને કિનારે, જૂના બિલોદરા, નડિયાદ-કપડવંજ રોડ, નડિયાદ-૩૮૭૦૦૧

**મુદ્રક :** સાહિત્ય મુદ્રણાલય પ્રા.લિ. સિટી મિલ કમ્પાઉન્ડ, કાંકરિયા રોડ, અમદાવાદ-૩૮૦ ૦૨૨

## અનુક્રમણિકા


| ક્રમ | વિષય | | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | પૂજ્ય શ્રીમોટાનો શૈશવકાળ | રાજેન્દ્ર રાવલ | ૫ |
| ૨. | પૂજ્ય શ્રીમોટાની ટેપરેકોર્ડેડ વાણી | પૂ. શ્રીમોટા | ૬ |
| ૩. | ગુરુમહારાજની કૃપાથી આયુષ્યવૃદ્ધિ | ડૉ. રમેશ મ. ભટ્ટ | ૯ |
| ૪. | ગાંધીજીની પ્રાર્થનાનિષ્ઠા | પૂ. શ્રીમોટા | ૧૦ |
| ૫. | નિષ્ઠા પ્રકટે તેની રીત | પૂ. શ્રીમોટા | ૧૧ |
| ૬. | શ્રીમોટાના મતે ઉત્તમ વિદ્યાર્થીનાં લક્ષણો | ડૉ. ઉષા ખેર | ૧૨ |
| ૭. | સલામતી | પૂ. શ્રીમોટા | ૧૩ |
| ૮. | દંપતીએ સહજીવનમાં ધ્યાનમાં રાખવાની સરળ સમજ | પૂ. શ્રીમોટા | ૧૪ |
| ૯. | ભાવ | પૂ. શ્રીમોટા | ૧૬ |
| ૧૦. | શ્રદ્ધા | પૂ. શ્રીમોટા | ૧૭ |
| ૧૧. | નમ્રતા | પૂ. શ્રીમોટા | ૧૮ |
| ૧૨. | સ્મરણ શા માટે | પૂ. શ્રીમોટા | ૧૯ |
| ૧૩. | જપની પદ્ધતિ | પૂ. શ્રીમોટા | ૨૦ |
| ૧૪. | ત્રાટક | પૂ. શ્રીમોટા | ૨૧ |
| ૧૫. | શ્રીસદ્‌ગુરુ શરણે - ૧૯૬૦ | એક સ્વજન | ૨૨ |
| ૧૬. | ગઝલ | પૂ. શ્રીમોટા | ૨૩ |
| ૧૭. | મોટાચરણે : આંતરપ્રવેશ | કાર્તિકેય ભટ્ટ | ૨૪ |
| ૧૮. | સંતહૃદય | પૂ. શ્રીમોટા | ૨૬ |


## સર્વરૂપ

**જવું જ્યાં હોય વિચરજો અમે બહાલી જ આપી છે;**
**'કહીં કહીંની જુદી વાતો પડે સમજણ' અનુભવ તે !**
**અમે ક્યાં ક્યાં જઈ વિચર્યા ન ઈચ્છા તે તણી મૂળે;**
**બધે પ્રસર્યા છતાં કેવા મૂળે કોરા રહેલા છે !**
**લઈએ સ્વાદ શા નોખા ! અનુભવ પ્રકૃતિ કેરા;**
**વળી જે જે સ્વભાવો તે અનુભવથી જણાયા છે !**
**બધી દુનિયા અમારી છે, બધે પ્રસરેલ મૂળિયાં છે !**
**અમારા વિણ અસ્તિત્વ કશે ના કોઈનુંયે છે !**

**'જીવનઅનુભવગીત' પૃ. ૪૧૦ પૂ. શ્રીમોટા**

# ૧. પૂજ્ય શ્રીમોટાનો શૈશવકાળ - રાજેન્દ્ર રાવલ

વીસમી સદીની એક વિરલ વિભૂતિ પૂજ્ય શ્રીમોટાનું મૂળ નામ ચૂનીલાલ આશારામ ભગત.

ભગવદ્‌ગીતામાં થયેલ ઉલ્લેખ પ્રમાણે અનિષ્ટોનો નાશ કરી સદાચારનો ઉદ્ધાર કરી સત્યની પ્રસ્થાપના કરવા ભગવાન યુગે યુગે અવતાર ધારણ કરે છે. એ અર્થમાં દરેક સંત અવતારી પુરુષ છે. સંતો અને ગુરુ વિશે અવતારી પુરુષ તરીકેની માન્યતાનું રહસ્ય કદાચ આ જ હોઈ શકે. સંત પરંપરાએ ભારતીય જીવનદર્શન અને સંસ્કૃતિને પુનર્જીવિત કર્યા છે. સંતો અને ગુરુઓએ આત્મ રણકારવાળી વાણી દ્વારા પ્રજાને ધાર્મિક પ્રેરણાનાં પીયુષ પાયાં છે.

આવી સંતપરંપરામાં પ્રાતઃસ્મરણીય રામાનંદ, કબીર, નાનક, તુલસીદાસ, સુરદાસ, મીરાં, નરસિંહ, જ્ઞાનેશ્વર, તુકારામ, નામદેવ, ચૈતન્ય મહાપ્રભુ તથા આધુનિક કાળમાં શ્રી રામકૃષ્ણ પરમહંસ, રમણ મહર્ષિ, ધુણીવાળાદાદા શ્રી કેશવાનંદજી, ઉપાસની બાબા, બાળયોગીજી અને સ્વામી સમર્થના નામો લોકજીભે રમે છે. એ જ પરંપરામાં પરમ પૂજ્ય શ્રીમોટાનું સ્થાન પણ લોકહૃદયમાં એક વિલક્ષણ સંત તરીકે અનોખું છે.

ભાઈચંદભાઈના દીકરા આશારામના ઘેર બીજો દીકરો અવતરવાથી દાદાનો આનંદ બેવડાયો હતો. પુત્રને બોલાવીને ગોળધાણા વહેંચવા જણાવ્યું.

જ્ઞાતિએ ભાવસાર એવા પૂજ્ય શ્રીમોટાનો જન્મ ઈ.સ. ૧૮૯૮ના સપ્ટેમ્બર માસની ચોથી તારીખે, ગુજરાતી તિથિ પ્રમાણે ભાદરવા વદ ચોથ, સંવત ૧૯૫૪ને શનિવારે વડોદરા જિલ્લાના સાવલી ગામે માતા સૂરજબાની કુખે. એ ક્ષણે બાજુમાં આવેલ રામજીમંદિરે સાંજની આરતી શરૂ થઈ અને બીજી બાજુએ 'મોટા'નો જન્મ થયો. દીકરાનો જન્મ શનિવારે થયેલો એટલે પિતા આશારામ અને દાદા ભાઈચંદભાઈ શનિયો કહીને બોલાવતા, પરંતુ સૂરજબાએ તો ચૂનીલાલમાંથી 'ચૂનિયો' જ કરી નાખ્યું.

આશારામ ભગતને ચાર સંતાનો તેમાં સૌથી મોટા જમનાદાસ, બીજા ચૂનીલાલ (ચૂનીયો) તે જ પૂજ્ય શ્રીમોટા, ત્રીજા મૂળજીભાઈ અને ચોથા સોમાભાઈ.

મોટાના જન્મ વખતે બાપદાદાની જાહોજલાલી ખૂબ જ હતી. તેથી તેમના જીવનની શરૂઆત ખૂબ જ જાહોજલાલીમાં વીતી. દાદાના અવસાન પછી પેઢી નાદાર થઈ અને ગરીબીની કાલિમા છવાઈ ગઈ. આવી પરિસ્થિતિમાં આશારામ અને સૂરજબાએ કાલોલમાં જઈને વસવાનું નક્કી કર્યું.

કાલોલના સરિયામ રસ્તા પર નાનકડી ઓસરીવાળા અને એક ઓરડાના મકાનમાં આ કુટુંબ રહે. હૈયાના હામ ભાંગી નાંખે એવી કારમી કંગાળિયત અને ભયંકર ગરીબીમાં સબડતા કુટુંબમાં ચૂનિયો મોટો થવા લાગ્યો. આમ મોટાનું બાળપણ (શૈશવ) અત્યંત ગરીબાઈમાં પસાર થયું.

એક ઘટના બાળક મોટાની સમગ્ર ચેતનાને ઝઝકોરી દે છે. પિતા આશારામ ભગતને હુક્કો પીવાની ટેવ. સરિયામ રસ્તા પરના ઘરને લીધે રાતે રોન ફરનાર સિપાઈઓ પણ ત્યાં બેસી હુક્કાપાણી કરે. એક દિવસ ઘરે મહેમાનને જોઈને સિપાઈએ આની જાણ પોલીસને ન કરવા માટે ભગતને મારઝુડ કરતાં કરતાં પોલીસ ચોકીએ લઈ ગયા.

આવું કારમું દશ્ય ચૂનિયાથી જોઈ શકાયું નહિ. દોડીને નાગરવાડામાં રહેતા રાવસાહેબ મનુભાઈને રાતે જગાડીને રડમસ અવાજે હકીકતની જાણ કરી જેથી તેઓશ્રી તરત જ ગાડી જોડીને પોલીસ ચોકીએ પહોંચ્યા અને પોલીસને આશારામ ભગતને છોડી દેવા કહ્યું. પરંતુ પોલીસ આનાકાની કરતાં રાવસાહેબે દબડાવીને કહ્યું કે હમણાં ને હમણાં ફોજદારને બોલાવો. આ રંગરેજને મારવા માટે મારે તમારા પર કેસ કરવો છે અને મારી ઘોડાગાડીમાં બેસાડીને દવાખાને લઈ જવો છે તેમજ મારના નિશાન માટે

દાક્તરી તપાસ કરાવવી છે. આ સાંભળીને પોલીસવાળા ગભરાયા અને આશારામ ભગતને છોડી મુક્યા.

બાળક ચૂનિયાના ચિત્ત પર આ અસાધારણ પ્રસંગની છાપ ખૂબ જ ઊંડી પડી અને તે વિચારે છે કે ગરીબને સૌ કોઈ હડધૂત કરે અને ગાળો પણ દે છે જેથી ગરીબની કોઈ અવહેલના ના કરે તે માટે શું કરવું જોઈએ તેના સતત વિચારો કરતા સમજાય છે કે ગામમાં મામલતદાર સાહેબને પ્રતિષ્ઠિતમાં પ્રતિષ્ઠિત ગણાતા નાગરિક પણ સલામ ભરે છે જેથી ચૂનિયાને આવા મોટા માણસ થવાની ઉત્કટ ઈચ્છા થઈ. તેના માટે ખૂબ ભણવું પડે અને પછી ભણવામાં મન લગાડી દે છે.

પરંતુ અસહ્ય ગરીબીમાં ભણવું શી રીતે ? પુત્રની ફી ભરી શકે તેવી કુટુંબની આર્થિક સ્થિતિ ન હોઈને ચૂનિયાએ આખી શાળાનું મકાન વાળવું, બધી બેંચો, ટેબલો, ખુરશીઓ, પાટિયા વગેરે બધું લૂછવાનું ને સાફ રાખવાનું અને પટાવાળાનું કામ કરવાનું માથે લીધું. અને આમ એમાંથી મળતા દોઢ રૂપિયામાંથી ભણવા લાગ્યો. મન લગાવી ખંતથી ભણતો તેથી તેનો પહેલો નંબર આવતો. નવા આવેલા મુખ્ય શિક્ષક સાથે ઘરોબો કેળવીને દર વર્ષે એક ધોરણ પાસ કરવા કરતાં સંબંધનો સદુપયોગ કરીને પહેલા ચાર ધોરણ દોઢ વર્ષમાં પૂર્ણ કર્યા. આમ ધોરણ સાત સુધીનું ભણતર કાલોલમાં રહીને પૂર્ણ કરે છે.

***સંદર્ભ પુસ્તક :*** *પારસલીલા, મહાજ્યોત મોટા, પૂજ્ય શ્રીમોટા (વિભૂતિચરિત્રમાળા : મણકો-૮)*

## ૨. પૂજ્ય શ્રીમોટાની ટેપરેકોર્ડેડ વાણી - પૂ. શ્રીમોટા

(૩૦-૧-૭૨ના દિને વડોદરામાં શ્રી રમણભાઈ અમીને ઊજવેલા ઉત્સવ પ્રસંગે કરેલા પ્રવચનમાંથી ટૂંકાવીને.)

પહેલાં, એક મુદ્દો હું સ્પષ્ટ કરી લઉં કે આવા ઉત્સવો હું થવા દઉં છું. બાકી હું તો ગરીબમાં ગરીબ માણસ છું. સાચે જ કહું છું. આજે પણ મારું કુટુંબ – શરીરનું કુટુંબ છે તે ગરીબ છે. અને એવી ગરીબાઈમાં ઊછર્યો છું કે તમને કલ્પના નહિ આવે. એવી ગરીબાઈને લીધે મારે-અમારે એવા ઠેકાણે રહેવું પડે કે જ્યાં ચામડાંની ગંધ આવે, ચામડાં પડેલાં હોય બધાં. એવા લોકોની વચ્ચે મારે રહેવાનું હતું. આઠ વરસ ઉંમર હતી ત્યારથી તો ખેતરમાં ધરુ-ડાંગર-ધરુ વાવવા લઈ જતો. અને એ ગરીબાઈ તો જોઈ છે એ સાચે જ કહું છું. ત્યાં... મારે કામ દેશવ્યાપીનાં કામ એવાં લઉં છું' — અને તે ભગવાનના હુકમથી. મારા દિલમાં એમ થાય છે પ્રવચનમાં એ વિષે હું કહીશ તમને. ત્યારે આવા ઉત્સવો કરું તેથી મને ભગવાનની કૃપાથી આ જે રકમ મળે છે એને માટે હું થવા દઉં છું.

ભોજનમાં ખીચડી ને શાક કરવાનો મેં ખાસ બહુ આગ્રહ કર્યો રમણભાઈ સાહેબને, ધીરજબહેનને કે પ્રભુ, મારું કહ્યું માનો. મારો રસ્તો તો ચીલાચાલુ નથી. આ દાળભાત ને લાડવા ખાવાની વાત છોડી દો હવે. એટલા પૈસા સારા કામમાં વપરાય અને તમે તો ઘણી મને મદદ કરો છો. એ વિષે મારે બોલવું નકામું છે. માટે મારું કહ્યું માનો તમે. એ લોકો કહે "મોટા, નહિ સારું આ. ખીચડી ને શાક." મેં કહ્યું ખીચડી ને શાક જ જોઈએ. હું તો બધાંને મારા ઉત્સવમાં - ભવિષ્યમાં જે ભગવાનની કૃપાથી થાય તેમાં - **બધાંને કહું છું કે તમે જો આવો તો ભાવથી આવજો. ત્યાગ કરવાના હેતુથી આવજો. પરમાર્થ કરવાના હેતુથી આવજો. ખાલી ખાલી ફરવાના હેતુથી કે ચાલો બે.... બેઘડી ફરી આવીએ એ હેતુથી કોઈ ના આવશો. નહિ આવો તો ચાલશે. એક પણ માણસ નહિ આવો તો ચાલશે મને. પણ આવો તો**

**જીવનમાં આ ત્યાગ, પરમાર્થ... અને સ્વાર્થ તો રચ્યોપચ્યો રહેલો છે.** સ્વાર્થથી... સ્વાર્થ તો તમે નહિ કહો તોય તમારે કરવો પડશે. એ તો વળગેલો જ છે ગળે. લોહી-લોહીમાં પ્રસરી ગયેલો છે. પણ આ પરમાર્થ અને ત્યાગ પ્રસરે... જો આપણા દેશનો ઉદ્ધાર કરવો હોય તો આનાથી જ થશે ભાઈ. એટલે મેં બહુ આગ્રહ કર્યો કે ભાઈ તમે ખીચડી ને શાક જ રાખો. અને મારું કહ્યું માન્યું એટલે હું એમનો આભાર માનું છું.

ત્યારે, હું તો એવો માણસ કે, અલ્યા બધાયના પરસેવાના આવેલા પૈસા આમાં તો ના ખર્ચી નાખું, ભાઈ ! સારે કંઈ.... હું તો આ ફોટાઓ મળે એ વેચીને એ પૈસા ચોપડે જમા કરાવું છું. સારા કામમાં વપરાઈ જાય. દર વર્ષે ૧૨૦૦-૧૩૦૦ એક વખત તો ૧૮૦૦ રૂ. મળેલા. અમે તો આ શિક્ષણ પામ્યા છીએ. ઘરેણાંય માગું છું. પણ ઘરેણાં પહેરીને - કપડાં પણ પહેરલાં આપે તો વેચી દઉં છું. ધોતિયાંય વધે તો વેચી દઉં છું. આ બધું ભગવાનને અર્થે છે ભાઈ, કે હું તે જીવીને... મારા ગુરુમહારાજ કહે **"મારા બેટા, તું સાચવજે. આ ડંડો જોયો કે ?"** મારા ગુરુમહારાજ ડંડો રાખતા. પણ પરમ કૃપાથી હું બીતો તો નથી. એને ઘણો પ્રેમ કરું છું. પણ આજે પણ ડંડાને સામે રાખેલો છે. જીવતો જાગતો. કે બધું જે તે ભગવાનને અર્થે છે. તેથી જે કંઈ મને મળે છે... સાહેબ, મીઠાઈઓ પણ મળે છે- બધ્ધું મળે છે, ફળ પણ મને મળે છે. હું તો ગરીબ માણસ સાહેબ, ઘણો ગરીબ. આ કંઈ કહેવાની ખાતર કહેતો નથી. સાહેબ,... ભોગવવાનું તો બહુ મન થાય, ગરીબ માણસને કોઈ દિવસ બાપજન્મારે દીઠું ન હોય. પણ મારા ગુરુમહારાજ, મારો ભગવાન, હજાર હાથવાળો બેઠો છે માથે તે કહે, **"દીકરા, ભોગવતો નહિ. આ બધું છે તે મારે માટે છે."** એટલે જે કંઈ મળે છે તે મીઠાઈઓ પણ, જે જે કોઈએ મદદ કરી હોય, પ્રેમ રાખ્યો હોય તેને આપી દઈએ છીએ. ઘરેણાંગાંઠાં મળે છે. માગું છું ખરો. આજે પણ બહેનો પ્રેમથી આપે. બધાંને મારી પ્રાર્થના છે કે તમે આપો, ભાઈ ! પરમાર્થ શીખો સ્વાર્થને શીખવાની જરૂર નહિ પડે. **પરમાર્થ ને ત્યાગ શીખો. મારે માટે જો લાગણી રાખતા હોય તો આ કરવાની જરૂર છે.**

હવે આજ તો મારે એમ કહેવાનું છે કે મોસાળે જવું ને મા પીરસનારી એવું પ્રભુ. આ આજનો આ વખતનો ઉત્સવ એ તો ભગવાન.. આપણામાં કહેવત છે કે છાપરું ફાડીને પૈસા આપે. લક્ષ્મી આપે. એવો મારે માટે એક મોટા... જીવનમાં આટલો મોટો પ્રસંગ બની ગયો. તેર લાખનાં કામ લીધાં છે. એ કેમ લીધાં છે અને શા માટે હું આ બધું કરું છું તે પછીથી કહીશ. પણ સાત લાખ રૂપિયા તો થઈ ગયા. ને બધા ભાઈઓની.. અહીંયા હરિઃૐ આશ્રમની જે એક કમિટી-સમિતિ થઈ છે એ લોકોનો તો એવો પાકો વિચાર છે કે ૧૦ાા લાખ રૂપિયા મોટાને કરી આપવા. કે આ બિચારા શરીરે મોટા રખડ રખડ કરે છે, પણ હું ભાઈ રખડતો મટું નહિ ભાઈ, પણ જ્યાં રોટલો ખાવાનું આમંત્રણ આપશે ૧૦૦૦-૧૫૦૦ આપશે તો ગમે ત્યાં જઉં હું. મને શરીર... શરીર તો મારા ભગવાને મને આપ્યું છે ને એ સાચવશે. પણ હું કંઈ શરીર માત્ર નથી. આ મારા જીવનનો જીવતો જાગતો પ્રયોગ છે. જેને સમજવું હોય તે સમજી લે.

ત્યારે, આ એક એવો - એક અણમોલો પ્રસંગ મારા જીવનમાં ભગવાને મને આપ્યો કે બેટા, જીવતાં જાગતાં જોઈ લે. કે, જે ભગવાનનો થાય છે તરણાનો મેરુ બની બેસે. — તરણાનો મેરુ — આ અતિશયોક્તિની વાત નથી. હકીકત છે. તદ્દન સાચી હકીકત. હજુ જેને સમજણ ન પડતી હોય તો કાલોલ ગામમાં જજો ભાઈ, અને જે ઠેકાણે હું રહેતો હતો એક નાનકડી જગા — ઓરડી — આગળ એક નાનકડી — હજુ તો મારા ભાઈ સોમભાઈ અહીં આવેલા છે. — અને આજે બીજું કહેતાં મને આનંદ થાય છે કે આજે હજુ મારી મા જીવે છે. એ મા નહીં, મને જન્મ આપનારી નહીં. પણ મને દત્તક જેણે લીધો છે. કોઈને નવાઈ લાગશે પણ તદ્દન સાચી વાત.

એ મા નો મારા પર જે પ્રેમ છે. એણે મને બધું એવું આપી દીધું. એના દીકરા — બધા મારા ભાઈઓ આજે આવ્યા છે. લખેશરી — લાખોવાળા છે. એમણે મને એટલું નથી આપ્યું. આપે છે ખરા. મદદ કરે છે. પણ માએ તો જેટલું એની પાસે હતું તે બધ્ધું આપી દીધું. અને કહ્યું પાછું — મારા મોટાભાઈના દેખતાં, નંદુના દેખતાં કે મારું શરીર પડે ત્યારે જેટલી મારી રકમ આવે તે આ મોટાને આપી દેજો.

ત્યારે, એ બધા ભાઈઓ આજે પ્રસંગોમાં પધાર્યા છે. તેથી મને પણ આનંદ થાય. પણ એ બધાને વિનંતી કે ભાઈ, લાખ છે તમારી પાસે — પૈસા છે તમારી પાસે અને બધા જે પૈસાદારો છે એમને કહું છું, કે આ કાળ બધો વિપરીત આવે છે. આ કાળ એવો વિપરીત આવે છે કે કોઈનાય પૈસા ગમે તેટલા હશે તો — પણ આ પૈસા તો... અમારા અનુભવી ઋષિમુનિઓએ કહ્યું છે કે, **ભાઈ, આ પૈસા તો અચળ નથી. અચળ તો એકલો ભગવાન છે મારો. ત્યારે, આ પૈસા તો આજ છે ને કાલ નથી. એ પૈસા તમારા સ્વાર્થમાં, ભોગવવામાં, ઐશ્વર્યમાં, વિલાસિતામાં ન ભોગવો. આ બધાને મારી વાત કહેવાની. આ અનુભવથી આચરીને** — મારો ગુરુમહારાજ ડંડો સામે ને સામે છે. કે' છે, **''બેટા, તું આચર્યા વિનાનું કહીશ નહિ.''** આજે મને લાખો રૂપિયા મળે છે. તો ધારું તો મારા રહેવાનું મકાન બધું સુંદર બનાવી દઉં. પણ હું આજે કઉં છું, મારા ભગવાનના બોલાવ્યાથી કે, મારા ગુરુમહારાજ કહે છે ને કહું છું કે અમારા પંથના - અમારા - જે ભગવાનને માર્ગે નીકળેલા એવા સાધુ-સંન્યાસીઓ અમારા દેશમાં પડ્યા છો... દરેક આરસપહાણના — એ આરસપહાણના બનાવે છે. સાલુ, મને એમ થાય છે કે પરસેવાથી કમાઈને બેટા બનાવો ને ! લોકો ભલે એમને આપે છે પ્રેમથી, એની ના નથી. પણ આ બધું ભોગવે છે.... મારા ભગવાનની પાસે અનંતગણું ઐશ્વર્ય છે. અનંતગણું ઐશ્વર્ય છે. પણ એ ઐશ્વર્ય તમે જરૂર ભોગવો. જે વેપારી લોકો છે, પુરુષાર્થ કરે છે, ઉદ્યમો કરે છે અને કમાય છે તે ભલે ભોગવે. પણ એમને પણ મારી વિનંતી છે કે ત્યાગ અને પરમાર્થને મોખરે રાખજો અને પછી ભોગવજો. પણ આ અમારા સાધુ-સંન્યાસીઓનો પહેલો કાળ આવવાનો છે. અમારો - સમાજ જ્યારે જાગશે, આ ગરીબ જ્યારે જાગશે, અમારા દેશમાં જ્યારે ખરી ક્રાન્તિ જાગશે, ત્યારે બધાંનાં લેખાં લેવાશે, ત્યારે, એક વાત કહેતો'તો - તરણાની, કે એવી ગરીબાઈમાં દિવસો જીવ્યો છું, કે કોઈ ગણતરી નહોતી, કોઈ હિસાબ નહોતો, કશો જેનો વક્કર નહોતો. એવી એક ગરીબાઈમાં સમાજના છેલ્લામાં છેલ્લા થરનો આ જીવ છું હું. બિલકુલ અતિશયોક્તિ વિના કહું છું. એવા જીવને આ ભગવાનની ભક્તિ કરે છે... ભગવાનની ભક્તિ એક એવું સામર્થ્ય પ્રેરે છે કે, તમે દાખલો જીવતો જાગતો જોઈ લો. આપણો સમાજ કબરને પૂજવાવાળો છે.

**(વધુ હવે પછી)**

## 'હરિઃૐ ગુંજન'ને મળેલ આર્થિક સહયોગ

| | | |
|---|---|---|
| (૧) | સુજ્ઞશ્રી મૃદુલાબેન એમ. મુખી - અમદાવાદ | રૂ. ૧,૦૦૦/- |
| (૨) | મોનલબેન - ધ્રુમાબેન (રાજેન્દ્રભાઈ રાવલ) - અમદાવાદ | રૂ. ૧,૦૦૦/- |

**'હરિઃૐ ગુંજન' ઉપરોક્ત સર્વે સ્વજનોને હૃદયપૂર્વક આભારની લાગણી વ્યક્ત કરે છે.**

**'હરિઃૐ આશ્રમ, નડિયાદ'ને જૂન-જુલાઈ ૨૦૨૨ દરમિયાન રૂા. ૭,૬૬,૦૮૫/- દાન પેટે મળેલ છે.**
**શ્રીહરિ મોટા સૌનું યશ-કલ્યાણ પ્રેરે તેવી હૃદયપૂર્વક પ્રાર્થના.**

## ૩. ગુરુમહારાજની કૃપાથી આયુષ્યવૃદ્ધિ

- ડૉ. રમેશ મ. ભટ્ટ

કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, અહમ્ આદિ બળો જીવનમાં ઊર્ધ્વગામી થઈ પણ શકે. ગમે તેમ આખરે તેને પેલું જોશ છે. આખરે એ ફોર્સ છે. આ ફોર્સને તે પોતાની સાધનામાં વાળી લે છે. આવી એક કળા છે. આ મને સદ્ગુરુએ શીખવાડી હતી. ગમે તે કરી શકે. અમુક જ કરી શકે એવું છે નહિ. માત્ર એનો પ્રિન્સિપલ(=સિધ્ધાંત) સમજી લેવો જોઈએ. તો એને વાપરી શકાય. અને એમાં વાપરવાથી પછી એવી જાતની એક સળંગ મસ્તી પ્રગટે છે. આ બધાં બળો છે. આ બધાં આપણા શરીરમાં અમસ્તાં નથી રહેલાં. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, બધાં બળ જ છે. અને ભારે બળ છે. અને એ પછી આપણી સાધનામાં આવે છે ત્યારે આપણને ઑર બળ મળે છે. પછી ખરેખરા મર્દ બની જઈએ છીએ. પછી ગમે તેવા ઓબ્સ્ટેકલ્સ (=અંતરાયો) સામે આવે- આપણને નમાવે, તો પણ આપણે નમી જતા નથી.

એક બીજું પણ સાધન છે. **તંત્રનું સાધન છે. હું એ શીખ્યો નથી. પણ ગુરુમહારાજે મને આપેલું. ઓગણીસો તેંતાલીશની સાલમાં જ્યારે શરીરનું મરણ થવાનું હતું, ત્યારે મેં ભગવાનને અરજ કરી.** એ વખતે મને હુકમ તો આપ્યો હતો કે એક કરોડનું કામ કરો. તો મેં કહ્યું, 'મારી શક્તિ નથી. હું તો સાવ ગરીબ માણસ છું. મને કોઈ પચીસ રૂપિયા આપી શકતું નથી.' પણ મેં તો કામ માથે લીધું કે 'તારો હુકમ છે, તો કરીશ. હજુ તો થયું નથી. અને મને તું લઈ લેવાની વાત કરે છે. **માટે તું કૃપા કરીને જીવાડી દે તો જીવવું. અને તારે લેવો હોય તો હું તૈયાર છું. તારે કૃપા કરવી હોય તો કર.' તો કૃપા કરી, જીવાયું.** પછી થોડા વખત પછી શક્તિ બહુ ઓછી થવા લાગી. પણ એમાં એક પ્રિન્સિપલ છે. **ગુરુમહારાજે કહેલું કે, ઉચ્ચ કક્ષાના સાધક સાથે તારે રહેવું. 'કોઈને તો બહુ વિચિત્ર લાગે, અર્થ વગરનું બહુ ખરાબ લાગે'. 'પણ એમાંથી તારે શક્તિ લેવી. એમ ને એમ ના લેવાય. કોઈ એકશન(=ક્રિયા) નહિ સંપૂર્ણ શુદ્ધિ, અને એમાંથી તને શક્તિ મળશે અને એમાંથી તારાથી જીવાશે.'** આ તો નવાઈની વાત છે. એમ ને એમ તો આપણાથી કોઈને ભેટાય નહિ. એવું કોઈ મળે ત્યારે ને ! એમ ને એમ કંઈ થાય નહિ. પણ એમાંથી સંજોગ બની ગયેલો. ને વાત સાચી થઇ. ને એમાંથી મને બળ મળેલું, એ વાત સાચી. આજે આ શક્ય હોય તે ઘણી મોટી વાત થઈ જાય. જ્યાં સુધી ભગવાનને જીવાડવું હશે ત્યાં સુધી જીવાડશે એમ નક્કી થઈ ગયું એવાં સાધનો એ આપશે તો દુનિયાની કોઈ સેવા કરવા સિવાય વાપરીશ નહિ. કારણ કે એમાં કંઈ જીવવૃત્તિ નથી. ભાવનાની વૃત્તિ છે. એમાં કંઈ સ્ત્રી-પુરુષનો સંગમ કહે છે, એવું કંઈ નથી હોતું. પણ એટલી એ વખતે માનસિક સ્થિતિ અમુક પ્રકારની રાખવાની હોય છે. એ કોની રહે ? એ શક્ય નથી. એવી વખતે એક વખત મેં ભજન લખી બતાવ્યાં છે. ત્રણ ભજન એક સાથે. બોલ્યે જ જઉં, ને પાસે બેઠેલો બીજો માણસ લખી લે. તેમની પાસેથી લખાવ્યું. પછી એ કહે : 'મોટા, તમારી વાત હવે ખરી. તમારું મન જુદી દિશામાં છે'. મેં કહ્યું, 'પાંચ લખું ?' તો કહે, 'ના. હવે મને ખાત્રી થઈ ગઈ.' ગમે તે પ્રશ્ન મને કોઈ પૂછે ને તો તેનો જવાબ સુંદરમાં સુંદર રીતે આપું. સામાન્ય સ્થિતિ કરતાં વધારે સારી રીતે આપી શકું. પણ એ ભગવાનની કૃપા. પણ ગુરુમહારાજ એવો કે કઠણમાં કઠણ કામ સોંપે. દુનિયાદારીનો માણસ એ કરી ના શકે. આ શક્ય નહિ. એને માટે શક્ય નહિ. એટલે એ કરી ના શકે. એની તાકાત ના ચાલે. હિંમત ના ચાલે. એવા કામ સોંપે. માટીના હાંલ્લામાં તેલ ના મળે, તોય આશ્રમ સ્થાપ્યો. તેલ નહિ. ખીચડી કરીએ, ભાત અને ખીચડી. અંદર મીઠું અને હળદર નાખીએ. શાકબાક મળે નહિ. એવી રીતે રહીએ. બાજરીનો

**અનુસંધાન પાના નં. ૧૧ પર**

# ૪. ગાંધીજીની પ્રાર્થનાનિષ્ઠા - પૂ. શ્રીમોટા

**શ્રી કાકાસાહેબ કાલેલકર રચિત**
**''બાપુની ઝાંખી'' નામની ચોપડી પાન-૪૨ :**

'સવારે ચાર વાગ્યે અમે પ્રાર્થના કરવા ઊઠ્યા. હાથ મોં ધોઈ પ્રાર્થના શરૂ કરીએ, તે પહેલાં બાપુએ (ગાંધીજીએ) મને પૂછ્યું, 'રાતે સૂતા પહેલાં તમે પ્રાર્થના કરેલી કે ?' મેં કહ્યું, ''રાતે આવ્યો ત્યારે એટલો તો થાકી ગયો હતો કે પડ્યો તેવો ઊંઘી ગયો. પ્રાર્થનાનું યાદ જ ન આવ્યું. હમણાં આપે પૂછ્યું, ત્યારે યાદ આવ્યું કે રાતની પ્રાર્થના રહી ગઈ.''

મહાદેવભાઈએ કહ્યું, 'હું પણ પ્રાર્થના કર્યા વગર જ સૂઈ ગયેલો. પણ આંખ મળે તે પહેલાં યાદ આવ્યું એટલે ઊઠીને પથારીમાં બેસીને જ પ્રાર્થના કરી લીધી. કાકાને ન જગાડ્યા.'

પછી બાપુએ કહ્યું, 'હું કલાક દોઢ કલાક કાંતવાની હરીફાઈમાં બેઠો. ત્યાંથી આવ્યો ત્યારે એટલો થાકી ગયો હતો કે હું પણ પ્રાર્થના કરવાનું ભૂલી ગયો અને એમ ને એમ ઊંઘી ગયો. બે અઢી વાગ્યે આંખ ઊઘડી ગઈ ત્યારે યાદ આવ્યું કે, સાંજની પ્રાર્થના કરી નથી. **મને એવો તો આઘાત લાગ્યો કે આખું શરીર ધ્રૂજવા લાગ્યું. જેની કૃપાથી જીવું છું, મારા જીવનની સાધના કરું છું, તે ભગવાનને જ ભૂલી ગયો ! આ કેવી ગફલત ! ભગવાનની ક્ષમા માગી. પણ ત્યારથી ઊંઘ નથી આવી. આમ ને આમ બસ બેસી રહ્યો છું.'**

એક વાર ગાંધીજી પ્રાર્થના ભૂલી ગયા, તેથી તેમને કેટકેટલું ઊંડુ દર્દ પ્રગટ્યું હતું, તે તેમની ઉપરની વાણીમાંથી સમજાય છે. જો કે તેઓ સતત દરિદ્રનારાયણની એકમાત્ર સેવામાં જ લગાતાર પરોવાયેલા રહ્યાં કરતાં હતાં, જ્યારે આપણે તો ગળાબૂડ સંસારના રગડાઝગડામાં ડૂબેલાં રહ્યાં કરીએ છીએ. ને એવા આપણે જીવો ચેતનનો અનુભવ કરવા યા જીવનવિકાસના ઊંચા આદર્શને સિદ્ધ કરવાને નીકળેલાં છીએ ! ને આપણા વેશ તો જુઓ ! એને ભૂલી જવાતાં એટલી કારમી વેદના આપણને થાય છે ખરી ? જે જીવને ચેતનનો અનુભવ કરવાની મહત્ત્વાકાંક્ષા છે એવા જીવને, ગાંધીજીની વાણીમાં પ્રાર્થના કાજેની વેદનાયુક્ત જે ભાવના ઉપર પ્રગટેલી છે, તેટલા પ્રમાણની જાગ્રતિથી પણ ચાલી શકવાનું નથી. એવા જીવની પ્રાર્થના તો પળેપળ એના જીવનના તાણાવાણામાં સતત એકધારી જીવ્યાં કરતી વણાઈ ગયેલી હોવી જોઈશે; એવું બની ગયું હોય, તો જ તેવો જીવ ચેતનનો અનુભવ કરી શકવાની શક્યતાની મર્યાદામાં પ્રગટી શકે છે. આ છે તેનું લક્ષણ ને તેની યથાર્થતાવાળું માપ.

એવાની પ્રાર્થના તો - દરેક એના રોજિંદા વ્યવહાર, વર્તન, સંપર્ક, સંબંધ, કર્મ, વાતચીત, વિચાર, લાગણી, વૃત્તિ બધાંયમાં એનો હૃદયનો જીવતોજાગતો પ્રેમભક્તિયુક્ત તાર તો એની સાથેના અનુસંધાનમાં સતત જોડાયેલો જ રહ્યા કરતાં કરતાં - થયા કરતી હોય છે; એવી છે એની પ્રાર્થનાની દિલચસ્પી. **એવા જીવાત્માની પ્રાર્થનામાં ભાષાના વ્યક્ત શબ્દો હોતા નથી. તે મોઢામાંથી નીકળતી હોતી નથી. એની પ્રાર્થના તો એનું હૃદય કર્યા કરતું રહે છે, એવી પ્રાર્થના ચેતનપ્રેરક હોય છે, પ્રાણપૂરક હોય છે. એવી પ્રાર્થના પોતે જ શક્તિ સ્વરૂપે બની જતી હોય છે.**

આપણે ભલે એટલી ટોચે હજી ન ચઢી શક્યાં હોઈએ પણ અવારનવાર જે તે કંઈ કર્યા કરીએ, તે એને સંભારી સંભારી, એને પ્રસન્ન કરવા કાજેની જીવતી ભાવના સેવી સેવીને એની પ્રાર્થનાનો ભાવ જે તે કર્યા કરવામાં સળંગ હૃદયમાં હૃદયથી પરોવ્યાં કરીને કર્યા કરવાનું કરીએ; તો જ કંઈક દહાડો વળવાનો હોય તો વળે. એને સંભાર્યા વિનાની એક પળ પણ આપણાથી પસાર કરાતાં તે આપણને ઘણું

ઘણું ડંખવું ને સાલવું ઘટે. જો તેમ થતું અનુભવાય, તો નિશ્ચે જાણવું કે કોઈક દિવસ પણ જરૂર એને પામી શકવાનાં છીએ. **આપણે આશા રાખવી પણ છે ઊંચામાં ઊંચી, ને વર્તન તેવા પ્રકારનું કરવાનું લેશ માત્ર જો દિલ નથી થતું, તો જાણવું ને માનવું કે, આપણે હજી Fool's Paradiseમાં (કલ્પનાના સ્વર્ગમાં) વસી રહેલાં છીએ.** આપણે આદર્શ સેવીએ, તે આદર્શ ને તેની ભાવના રોજિંદા વ્યવહારવર્તનમાં જાગ્યાં કરતાં ન રહે તો નિશ્ચે જાણવું કે હજી આપણને જીવનના આદર્શની કશી પડી નથી. આદર્શને અનુભવવાનું સાચું પ્રગટ સ્વરૂપ હજી જીવનમાં પ્રગટેલું નથી.

'જીવનપોકાર', આ. બીજી, પૃ. ૪૨૬ થી ૪૨૮

*('પ્રેરક વિભૂતિ મહાત્મા ગાંધી' પ્ર.આ., પૃ. ૫૪ થી ૫૬)*

**અનુસંધાન પાના નં. ૯ પરથી**

રોટલો ટીપીને ખાઈએ-શાક વિનાનો. એ પણ ભગવાનની પ્રસાદી અને એમાંથી આ બધું ધીરે ધીરે થયું. એ પણ ભગવાનની પ્રસાદી છે. ભઈ, તપ કરો. તે વિના કશું થવાનું નથી. તમારે વેપારમાં પણ સતત એમાં મન પરોવીને, જે પ્રોબ્લેમ્સ(=સમસ્યાઓ) આવે તો ધીરે ધીરે તેમાં મન પરોવીને, જે સોલ્વ(=ઉકેલ) કરતાં જવું. આગળ વધ્યાં જઈએ ને એમાં ને એમાં રહીએ. પછી તમે સંસાર ભોગવો. આઠ કલાક એમાં આપવાના તે આપવાના જ. આઠ કલાક તેમાં ખરા જ. જેમ પેલી સર્વિસમાં આઠ કલાક આપો છો, તેવા આમાં પણ ખરા. નહિતર પાપ કરો છો તેમ. એમ ને એમ સિદ્ધિ થતી નથી.

*('પૂજ્ય શ્રીમોટા સાથે સત્સંગ તદ્રૂપ-સર્વરૂપ' બીજી આ., પૃ. ૨૬ થી ૩૧)*

## ૫. નિષ્ઠા પ્રકટે તેની રીત - પૂ. શ્રીમોટા

આ જીવને અનેક પ્રકારની પારાવાર લાચારીમાં જીવન જીવવાનું બનેલું છે, પરંતુ તેમાંથી તેણે જીવનવિકાસ કાજેનો લાભ મેળવ્યો છે. પ્રત્યેક પરિસ્થિતિ, પ્રત્યેક સંજોગ, પ્રત્યેક પ્રસંગ, પ્રત્યેક વ્યક્તિનો સંબંધ ને સંપર્ક વગેરે વગેરે-એ બધાં સાથેનાં જવાબદારી, પ્રમાણિકતા, વફાદારી, સચ્ચાઈ, સહૃદયતા, નેકદિલીનાં અનુશીલન પરિશીલનમાંથી એકનિષ્ઠાનો જે ભાવ જન્મે છે, તેવી એકનિષ્ઠા જીવનને સર્વ પ્રકારના આડા, અવળા, ઊભા, વાંકા, વળાંકોમાંથી ચઢાણઊતરાણની ખીણોમાંથી, અનેક પ્રકારના વળાંક લેતા પથમાંથી પસાર કરાવીને જીવનને સાંગોપાંગ તે પાર ઊતરાવે છે. પ્રભુકૃપાથી જીવનમાં જ્યારે સાધનામાં પડવાનું બનેલું, ત્યારે વિચાર, વૃત્તિ, લાગણી, ભાવના, ભાવ, પ્રેરણા વગેરેના મૂળમાં જવાની એક પ્રકારની સમતા, શાંતિયુક્ત તટસ્થતાભરી કેળવાયેલી આદત પ્રકટેલી. એકનિષ્ઠાનું મૂળ શેમાં હોઈ શકે, તે વિચારતાં વિચારતાં ઉપરનો અનુભવ લાધેલો. સાચે જ એકનિષ્ઠ થવાયા વિના વસ્તુના હાર્દમાં કોઈ પ્રવેશી શકતું નથી, એટલા માટે જ અને સાધનાનું હાર્દ પ્રભુકૃપાથી અનુભવાયાથી, દરેકને લક્ષણ વડે જ ઓળખવાની ટેવ પડેલી છે. જો આપણાથી એકનિષ્ઠ ન થવાયું હોય તો જરૂર સમજી લેવું કે હજી ધ્યેય પરત્વેની જવાબદારી, સચ્ચાઈ, સહૃદયતા વગેરે વગેરે ખરા પ્રમાણમાં પ્રકટેલાં નથી, તો તે પ્રકટાવવાં તે આપણું કામ છે. એકનિષ્ઠા પ્રકટ્યા વિના જીવનની સાધનાના પુરુષાર્થમાં નવચેતન, પ્રાણ પ્રકટી શકવાનાં નથી. જો ઉચ્ચ આદર્શવાળું જીવન જીવવું જ હોય, તો તે પરત્વેની એકનિષ્ઠા કાવેરી મૈયાનાં વહેતાં પાણીની પેઠે આપણા જીવનમાં જીવતી થઈ ગયેલી હોવી જોઈશે. એકનિષ્ઠા વિના સાધનાના એકડાનું પણ જોડાણ થઈ શકવાનું નથી. એકનિષ્ઠા વિના ધ્યેયના માર્ગ પરત્વેનાં ઉત્સાહ, ખંત, સાહસ, ધીરજ, સહનશીલતા, સહિષ્ણુતા વગેરે વગેરે ગુણો ટકી પણ શકતા નથી. અરે ! સાધનાની વાત તો જવા દો, પરંતુ સંસારવહેવારના માર્ગમાંયે સફળ થવાને કાજે એ પરત્વેની એકનિષ્ઠાની તેટલી જ જરૂર રહે છે. **એકનિષ્ઠા પ્રકટ્યા વિના એકાગ્રતા અને કેંદ્રિતતા જન્મી જ ન શકે. સાધનાનું હૃદય એકનિષ્ઠામાં રહેલું છે.**

*('જીવનપોકાર' છઠ્ઠી આ., પૃ. ૩૭૬ થી ૩૭૮)*

## ૯. શ્રીમોટાના મતે ઉત્તમ વિદ્યાર્થીનાં લક્ષણો

- ડૉ. ઉષા ખેર

શ્રીમોટા પોતે જ ઉત્તમ કોટિના વિદ્યાર્થી/છાત્ર પણ રહ્યા છે. અનેક વ્યવધાનોની વચ્ચે પણ તેમણે ધ્યેય સિદ્ધિ કરી હતી. તેમણે નક્કી કર્યું હોય કે મારે આ પરીક્ષા પાસ કરવી જ છે. તો તે પાસ કરતા જ. અને વળી ફર્સ્ટ ક્લાસ ડિસ્ટીંક્શનની સાથે જ ઈનામોને પાત્ર પણ બન્યા હોય. દા.ત. મેટ્રીકની પરીક્ષા. એનું મુખ્ય કારણ, તેમનો દૃઢ નિશ્ચય, સંકલ્પબળ એટલે તેઓ એમના વિદ્યાર્થીઓને પણ તેમના જીવન દ્વારા અને વાતચીત વા પ્રવચન દ્વારા જે કહેતા તેનો સાર આ છે.

વિદ્યાર્થી દૃઢ મનોબળવાળો પ્રબળ સંકલ્પશક્તિ ધરાવતો હોવો જોઈએ. તો જ તે કષ્ટોની સામે પણ ઝઝૂમી ધ્યેય સિદ્ધ કરી શકશે.

વળી તે ખંતીલો, ખાંખતવાળો, અને નિયમિત પુરુષાર્થ કરનાર હોવો જોઈએ. **કોઈપણ પ્રકારની સિદ્ધિ માટે નિયમિત પ્રયત્નો નિતાન્ત આવશ્યક બની રહે છે.** તે માટે માનસિક આયોજન અને કૌશલ્ય સાધનો ગણાય.

**વિદ્યાર્થી ઉત્સાહી, વિધાયક વૃત્તિ-વલણવાળો અને આશાવાદી હોવો જોઈએ.** હા, એની ગણતરી પાકી હોય તે જરૂરી છે. બાકી તે શેખચલ્લીની જેમ ખ્યાલી પુલાવ પકાવ્યા કરે તો તો લોકોને હસવાનું અને તેને રડવાનું જ નસીબમાં લખાયું છે એમ દૃઢપણે માનવું.

એક વિદ્યાર્થી (સાધક)ને શ્રીમોટા પત્રમાં જણાવે છે તે પ્રત્યેક વિદ્યાર્થીને લાગુ પડે છે.

> "Everything has its own meaning and significance if he has the trained heart behind his all such efforts".......૭૬*

મતલબ કે સારું બને તોય વાહવાહ અને નરસું બને તો ભાંગી ન પડતાં તેમાંથી પણ શીખવાનો, બોધ લેવાનો પ્રયત્ન કરનાર વિદ્યાર્થીને અવશ્ય સિદ્ધિ વરે છે. અન્ય વિશિષ્ટ ગુણોની ચર્ચા કરતાં.

વળી રમેશભાઈ ભટ્ટ નોંધે છે તે પ્રમાણે શ્રીમોટા કહે છે કે,

> **''સુખી થવાનો રસ્તો તો સદ્‌ભાવ, સુમેળ, પ્રેમ અને સહાનુભૂતિ કેળવવાનો છે. કોઈએ દ્વેષ કર્યો હોય તો પણ તેના પરત્વે સદ્‌ભાવ કેળવવો, સહનશક્તિ કેળવવી, ઉદારતા કેળવવી, આ બધું તેના પર છે.''.....૭૭***

વિદ્યાર્થીએ દ્વેષ અને રાગ બંને છોડવા જ પડે. અન્યથા એની પ્રગતિ પર ભારે કુઠરાઘાત પડવા સંભવ ખરો. શ્રીમોટાએ એમના જીવન દ્વારા, પણ એ પાઠ આપણને આપ્યો છે. એમના સાથી-સહાધ્યાયીઓ, શિક્ષકો, આચાર્ય સૌના પ્રિયપાત્ર ત્યારે જ તેઓ બની શકેલા ને ? ઉક્તોલ્લિખિત ગુણોનો તો તે ભંડાર હતા.

વળી શ્રીમોટા લગની, તીવ્ર-તલસાટ, ધગધગતી તમન્ના અંગે વિદ્યાર્થીને લખે છે કે,

> **''ભણવાનું જ્ઞાન મેળવવા કાજે પણ મહેનત જાતે કરવાની રહે છે. શિક્ષક તો શીખવે, પણ તે મનમાં ઉતારવાને કાજે વિદ્યાર્થીએ એક ધ્યાન થવાનું છે. શિક્ષકનું જો વિદ્યાર્થી કશું ધ્યાન પર જ ન લેતો હોય, ને તે કહે કંઈ ને તે કરે કંઈ તો પછી તેવો વિદ્યાર્થી ભણી રહ્યો સમજવો. શિક્ષકે બતાવેલા પ્રમાણે કર્યા કરવાની ઉત્સાહપૂર્વક ખાએશ ધરાવનાર વિદ્યાર્થી જ ભણી શકે છે.''...૭૮***

૭૬. શ્રીમોટા (ભટ્ટ રમેશભાઈ - સંપા.), 'મુક્તાત્માનો પ્રેમસ્પર્શ', નડિયાદ : હરિઃૐ આશ્રમ, ૧૯૮૩. પૃ. ૩૮

૭૭. ભટ્ટ રમેશભાઈ (સંપા.), 'નિરંતર વિકાસ', નડિયાદ : હરિઃૐ આશ્રમ, ૧૯૯૧ પૃ. ૯૬-૯૭, (મૌન મંદિરનો મર્મ - ફેબ્રુ-'૨૫).

૭૮. શ્રીમોટા (ભટ્ટ રમેશભાઈ - સંપા.), 'જીવનની અમીરેખા', સુરત હરિઃૐ આશ્રમ, ૧૯૮૯ પૃ. ૫.

એટલે પુરુષાર્થની સાથે સાથે વિદ્યાર્થીએ એક ધ્યાન બનવું જોઈએ. તેમજ ઉત્સાહ જાળવી રાખવો એ પણ એટલું જ મહત્ત્વનું છે. **શિક્ષકની સૂચનાનું સમજપૂર્વકનું પાલન જરૂરી ખરું. પોતાની તીવ્રેચ્છાની સાથે સાથે ઉક્ત ગુણો છાત્રમાં હોય તો જ તેનો પુરુષાર્થ ફળે છે.**

એક બીજા સાથે ભળી જવાની વાત તો શ્રીમોટાના કૉલેજ છાત્રાલયના જીવનમાં ડોકિયું કરવાથી ખ્યાલ આવે છે. પરસ્પરના સહકાર વિના કોઈપણ વિદ્યાર્થી આગળ ન વધી શકે.

શ્રીમોટા **"અભ્યાસીને"** શીર્ષક કાવ્યમાં અભ્યાસીને-વિદ્યાર્થીના માટે જે ગુણો વિશે વાત કરે છે તે સઘળા વિદ્યાર્થીને લાગુ પડે છે. તેમાંના કેટલાંક ધ્યાન ખેંચે તેવા આ પ્રમાણે છે :

**"શાંતિ, એકાંત, એકાગ્ર વાતાવરણ ભાવનું."..૮૦**

**"સદા સંગ્રામને હોંશે ખેલવા કટિબદ્ધ થૈ."..૮૮**

**"આદર ભાવથી નમ્રતા પ્રકટ્યા વિના,
વિદ્યા ન પાંગરે હૈયે રાખવું લક્ષ તે સદા.".....૮૩**

**"પ્રમાદ સમ બીજો કો શત્રુ જીવનનો નથી,
ટાળી શકે ન જે તેને સાચો અભ્યાસી ના ગણો."..૫૩**

**"સદા તે ચાલતો રહે છે ઊભો ના રહે તે પંથે,
વિલંબ ઘડીનોયે ના સાંખી લે છે કદીએ તે."૮૪.૭૯**

આમ શ્રીમોટા વિદ્યાર્થીના વિકાસમાં સહાયક એવાં વિવિધ લક્ષણો, ગુણો વિશે સુંદર શૈલીમાં તેમજ સરળ ભાષામાં રજૂઆત કરે છે. ટૂંકમાં વિદ્યાર્થી ભાવનાશીલ, નમ્ર, જિજ્ઞાસુ, આત્મશ્રદ્ધાયુક્ત, સંકલ્પદઢી, પુરુષાર્થી અને ઉત્સાહી-આશાવાદી હોય તેમજ શ્રદ્ધા દીપકને સદાય સાથે રાખવાની વૃત્તિવાળો હોય તો તે તેના જીવનમાં ધન્યપળોનો અધિકારી અવશ્ય બનશે.

*('શ્રીમોટાનું શિક્ષણ દર્શન' પ્ર.આ., પૃ. ૯૬ થી ૯૮)*

## ૭. સલામતી - પૂ. શ્રીમોટા

**સ્વજન :** મોટા, આ જેને ઉદ્યોગો ચલાવવા છે તેનેય સલામતી ના જોઈએ !

**શ્રીમોટા :** 'ના જોઈએ ?' - એમ પૂછો છો ?

**સ્વજન :** ના. 'સલામતી ના જોઈએ' એમ કહું છું.

**શ્રીમોટા :** શાબાશ. ધન્યવાદ.

**સ્વજન :** એને કંઈ ને કંઈ નવું ખોળ્યા જ કરવું પડે અને ખોળવા માટે રિસ્ક (= સાહસ) લેવું જ પડે. સંશોધન કરીને તેની પાછળ લાખો રૂપિયા ન ખર્ચીએ અને નવું કંઈ ન કરીએ - માત્ર એનું એ જ કર્યા કરીએ તો ડાઉન થઈને ખલાસ થઈ જાય.

**શ્રીમોટા :** એ વાત તદ્દન સાચી. એમાં સાહસ લેવું જ પડે. સાહસ ના લો તો ગયા તમે.

**સ્વજન :** સાહસ લેવું જ પડે. નવી નવી વસ્તુઓ બનાવ્યા જ કરવી પડે. અત્યારે દવાના ઉદ્યોગમાં એક મુશ્કેલી આવી છે પણ તે અત્યારે અમારા માટે એક નવું બળ છે. પણ એને માટે અમે નવી વસ્તુઓમાં મંડ્યા છીએ. બે-પાંચ વર્ષે અમે ખોળી કાઢીશું. એમાંથી નવું નીકળી આવશે.

**શ્રીમોટા :** જરૂર. સાચી વાત છે. એ વખતે તેમાં હિંમત અને આંનદ રહે એ મને ગમે. આ વાત સાચી છે. એટલી બધી સાચી છે કે આધ્યાત્મિક માર્ગને માટે આમ જ કે સલામતીમાં તમે નહિ રહો સાહેબ. જો Progress ઈચ્છતા હો તો સલામતીમાં બિલકુલ નહિ રહો. એમાં પણ આગળ-પાછળના જીવોનો સાથ નહિ મળે એ મુશ્કેલી છે. એમાં સાથ નહિ મળે. એ તો એકલાએ જ જવાનું છે. ટાગોરે ગાયું છે : 'એકલો જાને રે' - જો કે તેમણે લખેલું ગાંધીજી માટે. જ્યારે દાંડીકૂચ કરવાના હતા ત્યારે એમણે ગાંધીજીને લખેલું. તને કોઈ સાથ નહિ આપે. હવે તું એકલો જા. એકલા જવામાં જ મર્દાનગી છે. માટે સમજુ માણસે સલામતીમાં કોઈ દિવસ રહેવું નહિ. નહિ તો એ ડૂબ્યો જ સમજવું.

*('જન્મ-પૂનર્જન્મ' દ્વિ.આ., પૃ. ૩૦-૩૧)*

## ૮. દંપતીએ સહજીવનમાં ધ્યાનમાં રાખવાની સરળ સમજ - પૂ. શ્રીમોટા

દંપતીએ સહજીવન જીવતી વખતે શું શું ધ્યાનમાં રાખવું તેની સરળ સમજ શ્રીમોટાએ આપી છે. બંનેએ એકબીજાને પ્રથમ તો હૃદયે હૃદયથી ચાહવાનું છે. મનની વિશાળતા વધારી ઉદાર મનથી એકબીજાને સમજવાનાં છે. અદલાબદલાની કે આમ કે તેમ કરવાની વેપારી પ્રવૃત્તિઓ કે વૃત્તિઓ ત્યજીને, બંનેએ પોત-પોતાને સ્થાને રહી સ્વધર્મનું સમજદારીપૂર્વક પાલન કરવાનું છે. આમ હશે તો દાંપત્યજીવનમાં ક્યાંય કશી ગૂંચ જોવા નહિ મળે.

''દાંપત્યજીવન'' નંદનવન બને તે માટે શ્રીમોટાએ પતિ અને પત્ની બંને ઉદ્દેશીને ઘણી ઘણી સૂચનાઓ આપી છે. સરળ ભાષામાં કરાયેલા તેમના ઉપદેશાત્મક કેળવણીલક્ષી વિચારો નીચે મુજબ છે :

**પતિ સંબંધી વિચારો :**

* ''પુરુષોએ પોતાની જાતને સર્વોપરી માની લઈને જગતભરમાં વાસનાને વધારે પોષી છે ને સ્ત્રીઓને પણ તેવી બનાવી મૂકી છે. એટલે જ્યાં સુધી પૂજ્યભાવ, આદર અને માનની લાગણી સ્ત્રીઓ (એના) પ્રત્યે નહિ વધે ત્યાં સુધી આપણો શક્કરવાર વળવાનો નથી.''
('લગ્ને હજો મંગલમ્', પૃ.૨૫)
* ''આપણી જીવનસંગિનીને આપણી સોબતથી જો આપણે ઊંચા ન લાવી શકીએ તો પછી આપણું એમની સાથેનું જોડાવાનું પ્રભુએ બનાવ્યું તે હેતુ જ માર્યો જાય.''
('મુક્તાત્માનો પ્રેમસ્પર્શ', પૃ. ૭)
* ''હિન્દુ સમાજનો પતિ પોતાની પત્નીને માત્ર એક વૈતરું કરનાર મફતના મજૂર જેવી સમજે છે.'' ('મુક્તાત્માનો પ્રેમસ્પર્શ', પૃ. ૫૦)
* ''બહેનો જીવનને જેટલું સમર્પણ કરી શકે છે ને જેટલો ત્યાગ બલિદાન આપી શકે છે એવું પુરુષો કરી શકતા નથી. બહેનોને લીધે જ સમાજ જીવે છે ને મરે છે.''
('પૂ. શ્રીમોટાની દાંપત્યભાવના', પૃ. ૫૨)
* ''બધી જ બાબતોમાં પત્નીએ પતિને પૂછીને જ ચાલવું પડે - પૂછ્યા વિના એક પણ ડગલું આગળ ન ચલાય એવી આપણા સમાજની મનોદશા છે... જ્યાં સ્ત્રીઓની માનસિક સ્થિતિ માત્ર એક ગુલામ જેવી હોય ત્યાં બીજી આશા શી રીતે રાખી શકાય ?''
('પૂ. શ્રીમોટાની દાંપત્યભાવના', પૃ. ૫૫)
* ''આપણા જીવનની કોઈપણ પરિસ્થિતિમાં તેમના જીવનના સાથી તરીકે આપણે મન હૃદયથી સતત રાખ્યાં કરીએ, તેમના જીવનમાં રસ લઈને તેમના હૃદય સાથે હૃદય મિલાવીને તેમની સાથે સંપૂર્ણપણે એકતા કેળવીએ.''
('લગ્ને હજો મંગલમ્', પૃ. ૩૦)
* ''પત્ની આપણું બધું જ માને એ આગ્રહ છોડી દેવો, એની સાથે દિલ ખોલીને વાતો કરવી. એકપણું અને અતડાપણું ન રાખવું.''
('પૂ. શ્રીમોટાની દાંપત્યભાવના', પૃ. ૬૪)
* ''જ્યાં અપેક્ષા નથી, બદલાની ભાવના નથી, કશાની કુતૂહલતા નથી, પ્રયોજનની બિલકુલ લાગણી નથી, જ્યાં આવું બધું છે ત્યાં પુરુષનું પુરુષપણું સ્ત્રીની અખંડ મર્યાદા રાખે છે.''
('પૂ. શ્રીમોટાની દાંપત્યભાવના', પૃ. ૧૮)
* ''પોતાની પત્ની રોગી હોય ને એની સેવા કરતાં લોક આપણને નિંદે તો ભલે, એ તો આપણો ધર્મ છે.'' ('મુક્તાત્માનો પ્રેમસ્પર્શ', પૃ. ૬૦)

ઉપરોક્ત વિવિધ અવતરણોમાં પતિએ પોતાના તરફ અને પત્ની તરફ કેવા પ્રકારનું વર્તન-પરિવર્તન કરવું જોઈએ-તે બાબતોમાં શ્રીમોટાના ચિંતનનું દર્શન થાય છે. શ્રીમોટાનું ચિંતન એમ કહે છે કે પતિએ એટલે કે પુરુષે પોતાની જાતની સર્વોપરિતા ત્યજી દઈને પત્નીને લાગણીપૂર્ણદૃષ્ટિએ આદર આપવો જોઈએ. પોતાની સર્વોપરિતા નિર્મૂળ કરી પત્નીના કાર્યમાં, પત્નીની પ્રવૃત્તિઓમાં રસ લઈ સહકાર આપવો જોઈએ. સમર્પણ, પરિશ્રમ, સહનશીલતા,

ત્યાગ અને બલિદાનના પાઠ પત્ની પાસેથી શીખવાનું જણાવી શ્રીમોટા આક્રોશ વ્યક્ત કરતાં કહે છે કે પત્નીને માત્ર વૈતરું કરનાર મજૂર ન ગણો. પુરુષપ્રધાન સમાજમાં પુરુષ પત્ની ઉપર સતત હુકમબાજી ચલાવે છે. બીજી બાજુ શિક્ષિત નારી પોતાની સ્વતંત્રતા અને સમાનતા જળવાય તે રીતે પતિપ્રેમ માટે ઉત્સુક હોય છે. આવી સૂક્ષ્મ બાબતોનો ખ્યાલ પતિએ રાખવો જ રહ્યો. ઘરમાં સફાઈ કરવી, ફર્નિચર વ્યવસ્થિત કરવું, આવેલ મહેમાનોની સરભરા કરવી, બજાર-ખરીદી કરવી..વગેરે વગેરે - આ બધાં કાર્ય માત્ર સ્ત્રીનાં જ છે - એવો જડ દુરાગ્રહ પુરુષોના દિમાગમાં સ્થાયી થયેલો જોવા મળે છે. શ્રીમોટા આવો દુરાગ્રહ છોડી પત્નીના પ્રત્યેક કાર્યમાં બનતો સહકાર આપવાનું જણાવે છે. **''તમામ કાર્ય કરતી વખતે પત્નીએ પૂછવું જ જોઈએ.'' - આ પ્રકારની સ્થાપિત થયેલી ગૃહરૂઢિ ત્યજી 'પત્ની'ને ગુલામદશામાંથી મુક્ત કરવાનું તેઓશ્રી જણાવે છે.**

**પત્ની એ કુટુંબનું કેન્દ્ર છે. તેની માનસિક શાંતિ જળવાય, તેનું સ્વમાન જળવાય, તેનો પત્ની તરીકે મોભો જળવાય તે બાબતોનો ખ્યાલ પતિએ જ રાખવો રહ્યો. આ માટે પતિએ પોતાનું અતડાપણું (એક પ્રકારનો પુરુષ હોવાનો અહમ્) છોડી ખુલ્લા દિલથી વર્તવું જોઈએ એમ શ્રીમોટા જણાવે છે.** પુરુષોને દિશાસૂચન કરતાં તેઓશ્રી સૂચવે છે કે **જીવનની કોઈપણ પરિસ્થિતિમાં કે સારા-નરસા સંજોગોમાં, પુરુષે હૃદયમાં અને મનમાં પોતાની પત્નીને 'જીવનસાથી' તરીકે ભૂલવી ન જોઈએ.** પત્નીનું જીવન પોતાના જ જીવનનો એક ભાગ છે **તેવી જાગૃતિ સાથેની ભાવના કેળવી 'જીવનસંગિની'ના જીવનમાં સંપૂર્ણ રસ કેળવતા રહેવું જોઈએ. આર્થિક વિષચક્રમાં ફસાયેલો વર્તમાન પુરુષ પોતાની પત્નીના જીવનમાં જરા સરખો પણ રસ લેવાનું શરૂ કરશે તો તે જ ક્ષણે તેમનાં દાંપત્યજીવનમાં સ્નેહના સાથિયા પૂરાશે, તેમાં શંકા અસ્થાને છે. શ્રીમોટાની આ હળવી સલાહ પ્રત્યેક પુરુષે માનવા જેવી છે.**

પુરુષપ્રધાન સમાજમાં બિમાર પત્નીની સારવાર કરવી તેમાં પણ ઘણાં ''પતિદેવો'' ક્ષોભ અનુભવતા હોય છે. પત્નીને દવાખાને લઈ જવી, દવા પીવડાવવી કે તેની સારવાર કરવી તેમાં પતિનો દંભી અહમ્ ઘવાતો હોય તેવો ભ્રમ આજના કેટલાક પુરુષોમાં જોવા મળે છે. આ સંદર્ભમાં શ્રીમોટા પતિને સંકોચ રાખ્યા વગર પત્નીની સેવા કરવાનું જણાવે છે. એટલું નહિ **''પતિ ધર્મ''** બજાવવાની તક મળી છે તેમ માનવા જણાવે છે. સમાજ, મિત્રવર્તુળ, સગાસંબંધી બધાની નિંદા સહન કરીને પણ પત્નીની સેવા કરવી જ રહી એવો આગ્રહ શ્રીમોટા સેવે છે. ''તમારી પત્નીની બને તેટલી સારવાર કરજો.''

('મુક્તાત્માનો પ્રેમસ્પર્શ', પૃ. ૬૫)

(પૂ. શ્રીમોટાના પત્ની સંબંધક વિચારો વિશે હવે પછી)

*('શ્રીમોટા અને શિક્ષણ' પ્ર.આ. પૃ. ૮૧ થી ૮૪)*

## ગયેલા આત્માને...

૧. હરિઃૐ આશ્રમ, નડિયાદના તત્કાલીન ટ્રસ્ટી સ્વ. શ્રી ઈન્દુકુમાર દેસાઈની દીકરી શ્રીમતી દર્શિનીબેનના સસરા ચંદ્રકાન્તભાઈ ઉપાધ્યાયનું તા. ૨૭-૬-૨૦૨૨ના રોજ અવસાન થયેલ છે.

૨. સ્વ. જયંતિભાઈ ડી. પટેલ (મારબલવાળા)ના ધર્મપત્ની તેમજ હરિવાણી ટ્રસ્ટના ટ્રસ્ટી શ્રી બીરેનભાઈ તથા લઘુબંધુ શ્રી નંદીશભાઈના માતુશ્રી ઈન્દુબેન જયંતિભાઈ પટેલ (અમદાવાદ નિવાસી)નું તા. ૧૦-૭-૨૦૨૨ના રોજ અવસાન થયેલ છે.

૩. હિમાંશુભાઈ દિલીપભાઈ ભાવસાર (હાલ કેનેડા)ના સસરા તેમજ કાનનબેનના પિતાશ્રી ચંદ્રકાન્તભાઈ પોપટલાલ ભાવસાર (ઉમરેઠ નિવાસી) તા. ૯-૮-૨૦૨૨ના રોજ વૈકુંઠ નિવાસી થયેલ છે.

**શ્રીહરિ મોટા સર્વે ગતાત્માને શાંતિ અને કલ્યાણ અર્પે તેવી આપણા સૌની હૃદયપૂર્વકની પ્રાર્થના.**

## ૯. ભાવ

**- પૂ. શ્રીમોટા**

**સ્વજન :** મોટા, આપના પ્રત્યે અમારા દિલમાં ભાવ જાગે ત્યારે વિચાર-વૃત્તિઓથી મુક્તિ અનુભવીએ ખરા ?

**શ્રીમોટા :** જ્યારે જિજ્ઞાસા પરત્વેનો અને જિજ્ઞાસાથી પ્રેરાઈને હૃદયમાં જીવન પરત્વેનો ખરેખરો ભાવ પ્રગટે છે ત્યારે મનાદિકરણની જીવદશાની વૃત્તિઓ (જે ભાવ પ્રગટેલો હોય તેની પહેલાંની સ્થિતિ કરતાં-તે બધું જેવું હોય તેના કરતાં-દિલમાં ભાવ પ્રગટેલો હોય ત્યારે તે તે વૃત્તિ), વિચાર, લાગણી વગેરેનો પ્રકાર પણ જુદો હોય. ભાવ પ્રગટે એટલે આપણે જીવદશાથી મુક્ત થઈ જઈએ છીએ તેવું કશુ નથી હોતું, પરંતુ વૃત્તિ, પવન આવે ત્યારે પતંગને દોરથી કરીને ઊંચી ઉડાડી શકાય તેવી રીતે, હૃદયમાં જ્યારે ભાવના પ્રગટે ત્યારે જીવદશાની વિચારવૃત્તિ વગેરે અંગેની તે પ્રમાણે ઊર્ધ્વગતિ સાધારણ રીતે થયા કરતી હોય છે. આ માત્ર અનુમાનનો વિષય નથી. પણ અનુભવની સ્થિતિ પણ તેમ હોય.

**ભાવ પ્રગટે તે કાળમાં જીવદશાની વૃત્તિ, વિચાર વગેરેમાં સુમેળ પ્રગટે અને જો તેમ ના થાય તો તે ભાવ નહિ.** જેમ માનવીને ક્રોધ પ્રગટે ત્યારે આગળ-પાછળનાનું તેને ભાન રહેતું નથી અને એકલા ક્રોધમાં તે આવરાઈ જાય છે તે સર્વના અનુભવની હકીકત છે, તેવી રીતે દિલનો ખરેખરો ભાવ પ્રગટે તો તે પ્રમાણે થવું ઘટે. બાકી તો આપણે બધાં જે બધું ભાવ અંગે બોલીએ તે બધું મનાય તેવું હોતું નથી. માટે હવે આપણે બધાં સાબદાં બનીને ને જાગીએ તો ઘણું સારું. **જો તારો મારા પરત્વેનો દિલનો ખરેખરો ભાવ જાગેલો હોય તો કોઈને કોઈ રીતે મને મદદ થઈ શકે ને તે મદદ માત્ર વિચારમાં ના રહે. તેમાં ક્રિયાત્મક ગતિશીલતા પ્રગટે તો જ હું તો તેને ભાવ સમજું છું.**

**સ્વજન :** આ તો 'ભાવ' વિશે હું જે કાંઈ સમજું છું એના કરતાં તદ્દન વિશિષ્ટ જ બાબત છે.

**શ્રીમોટા :** હા, ભાવ તો ડાયનેમિક છે. **ડાયનેમિક એટલે સતત એકેક પગલામાંથી પછી ઊર્ધ્વગમનની પરિસ્થિતિ પરત્વે દોરી જનારી કોઈ ભાવાત્મક સંચાલન કરતી અને ક્રિયામાં પ્રવેશનારી સ્થિતિ.** એવો ભાવ પ્રગટ્યા વિના આપણાથી કંઈ કશું બની શકવાનું નથી. ભાવ પ્રગટે ત્યારે જો તે મનાદિકરણને સ્પર્શી શકતો ના હોય તો તે ભાવ જ નહિ, થીંગડાથી મને કદી સંતોષ વળતો હોતો નથી. અત્યાર સુધી તેમ થવા દીધું પણ છે, તે એમ સમજીને કે મારાં સ્વજનને મારા પરત્વે ખરેખરો પ્રેમ પ્રગટ્યો હશે તો તે જાગ્યા વિના તો નહિ રહે, કારણ કે પ્રેમભાવનું સ્વરૂપ ને લક્ષણ તો તે જ છે, કોઈ કહેશે કે "સો એ સો ટકા જાગે ત્યારે તેમ બને" તો તે વિધાન ખોટું છે. **દિલના સાચા ભાવની કે પ્રેમની ગતિશીલતા પ્રગટે તો તેવા પ્રકારના કર્મમાં તે પ્રવેશ પણ કરાવે.** આ તો આપણા ભાવમાં ગતિશીલતા હજુ વરતાતી નથી. માત્ર થોડીઘણી બૌદ્ધિક સમજણ જેવું હોય. **પણ દિલના ભાવ વિનાની સમજણ સાવ બુઠ્ઠી છે.** પ્રભુકૃપાથી મારા જીવનમાં કોરી સમજણ ઉપર વધુ મદાર રાખ્યો નથી. અને મને ખરેખરા અનુભવથી ખાતરી છે કે ભાવ પ્રગટતાં બુદ્ધિની સમજણ પ્રગટી શકે છે. એટલે જ મારી તો વિનંતી છે કે **તેવા ભાવ પ્રગટાવવાને મથ્યા જ કરવું અને તેને જ મહત્ત્વ આપ્યા કરવું જરૂરી છે. બાકી તો બીજું બધું આળપંપાળ છે.** એટલે જેમ જિજ્ઞાસાના સાતત્ય વિના સાધનનું સાતત્ય પ્રગટવું મુશ્કેલ છે, તેવું જ આમાં પણ સમજવું. **એક તો આત્મનિવેદન થતી વેળા તેના હેતુની સભાનતા પણ આપણા દિલમાં પ્રગટેલી હોવી ઘટે અને બીજું તેવી પળે જેને નિવેદન**

**અનુસંધાન પાના નં. ૧૮ પર**

શ્રદ્ધા જીવનસાધનાને આવશ્યક પુરુષાર્થના અભ્યાસમાં નડતી મુશ્કેલીઓમાં આપણને ટકાવી રાખે છે, ધ્રુવ તારાની જેમ આપણી નજર સામે રહી આપણને યોગ્ય દિશાસૂચન કરીને ધ્યેયથી વિમુખ થતાં અટકાવે છે; અને અંતે આપણા સત્ત્વને સંપૂર્ણપણે જાગ્રત કરી, એને પરિપૂર્ણ સ્થિતિ પ્રાપ્ત કરાવી, દિવ્ય જ્ઞાનજ્યોતિનાં દર્શન કરાવે છે.

શ્રદ્ધા હોય છે અને વધતી જાય છે એનાં પણ લક્ષણો છે. જે કંઈ પણ કશામાં આપણે પ્રવેશ કર્યો તેથી બીજી રીતનું વિચારતાં મન અટકવા માંડશે ને તેનું દ્વિધાપણું ઓછું થતું જશે, મનમાં નિરાશાને કે હારને ક્યાંયે સ્થાન નહિ હોય; પલમાં તોલા પલમાં માસા'ની સ્થિતિ નહિ હોય. આવું બધું અનુભવાય તો સમજવું કે શ્રદ્ધા હવે દઢપણે જામતી જાય છે. બાકી શ્રદ્ધા એકદમ શરૂ શરૂમાં જામી જવી તે કંઈ સહેલું નથી.

શ્રદ્ધાથી જીવનનું વાસ્તવિકપણું પ્રકટતું હોય છે, એ કંઈ નકારાત્મક લક્ષણ નથી. જીવનમાં તે પ્રેરણા અને બળ ઉપજાવે છે. સાધનાપથમાં શ્રદ્ધા એ પરમ સાધન છે. શ્રદ્ધા પામવા માટે પણ મહેનત લેવી પડતી હોય છે. શ્રદ્ધા જ્ઞાનાત્મકપણે હોવી ઘટે છે. અંધશ્રદ્ધા આ માર્ગમાં કામ નહિ આવી શકે. શ્રદ્ધાને દઢ થવા માટે પણ પાયો મજબૂત હોવો જોઈએ.

સાધકની લક્ષવૃત્તિ દ્વિધાપણે કામ કરતી રહે તો તે જીવનવિકાસને માટે ખતરનાક છે. **અથાગ ને અતાગ શ્રમ, તપ પ્રેમપૂર્વક કર્યા વિના પરમભાવને પામવાના અનુભવની ઈચ્છાને સેવ્યા કરવી તે શ્રદ્ધાનું સાચું સ્વરૂપ નથી; એ તો જડ શ્રદ્ધા પણ ન કહેવાય; એ તો માત્ર શેખચલ્લીના વિચાર ગણાય. જેની શ્રદ્ધામાં પ્રાણ પ્રકટેલા નથી એવાની શ્રદ્ધા જીવનવિકાસના કર્મમાં ખપ લાગતી નથી.** હૃદયપૂર્વકની ભાવનાથી થતા જતા પુરુષાર્થમાં કાળે કરીને સમજણ ને અનુભવ પ્રકટવા માંડે છે. એવી સમજણ અને અનુભવની પરંપરામાંથી પ્રકટતી શ્રદ્ધાના બળે તેના જીવનધ્યેયમાં તેને એક પ્રકારનું આત્મબળ પ્રકટે છે અને એવા આત્મબળના આધાર વડે અનુભવની શ્રેષ્ઠતામાં પ્રવેશીને, શ્રદ્ધાને ભાવમાં પરિણીત કરાવીને, તેવા ભાવની હૃદયમાં તત્ત્વને પછી પ્રીછી શકે છે.

કોઈના પરની શ્રદ્ધા એટલે તેના સર્વ પ્રમાણમાં વિચારરહિત મૂઢપણે જે થયા કરે, યંત્રની જેમ જે થયા કરે, તે શ્રદ્ધા નથી પરંતુ તે તો જડતાભર્યું અજ્ઞાન છે. એને શ્રદ્ધા ન કહી શકાય. **શ્રદ્ધા એટલે તો અંતરદષ્ટિ. અંધશ્રદ્ધા કરતાં તો શ્રદ્ધા ન હોય તેવી સ્થિતિ સારી.**

**જ્ઞાનાત્મક શ્રદ્ધા કદી આંધળી હોઈ શકતી નથી. સાચી શ્રદ્ધા આંધળી ન હોય, ને અંધશ્રદ્ધા તે સાચી શ્રદ્ધા નથી.**

શ્રદ્ધાના ત્રણ પ્રકાર છે. તામસિક, રાજસિક અને સાત્ત્વિક. આદર્શ શ્રદ્ધા એનાથી પણ આગળની વાત છે. **આદર્શ શ્રદ્ધા તો એવાને મળતાંની સાથે એક ક્ષણમાં જ દિલ આપોઆપ એવાનામાં ચોંટી જાય છે ને પછી કદી તેવા પરત્વે કોઈ જાતના સંકલ્પવિકલ્પ ઊઠે નહિ; એનું નામ આદર્શ શ્રદ્ધા.**

સાધનાના ક્ષેત્રમાં જીવનહેતુને ફળાવવાને અર્થે ભાવનાનો જે એકધારો અભ્યાસ પ્રકટ્યા કરે છે, તેથી કરીને જે શ્રદ્ધા એકનિષ્ઠામાંથી શક્તિસ્વરૂપે પ્રકટે છે તે કંઈ બધું એકદમ ઓચિંતુ બની જતું નથી.

**શ્રદ્ધા-વિશ્વાસ, પ્રભુમાં**

(અનુષ્ટુપ)

**કોણ વર્ષાવવા જાય વર્ષાને ? કોણ ઋતુઓ,**
**-લાવ્યાં કરે જુદી જુદી ? કોણ સૂર્ય ઉગાડતું ?**

**સંધ્યા, ઉષા બનાવે કો ? પક્ષીને કણ કો ધરે ?**
**દેવા જાય કીડીને કો ? ને સ્તને દૂધ કો ભરે ?**

## ૧૧. નમ્રતા - પૂ. શ્રીમોટા

સાધનામાં વિકાસ કરવા કાજે નિરહંકાર પ્રકટવો અગત્યનો છે. જ્ઞાનપૂર્વકની નમ્રતા પ્રકટ્યા કરે, તો ઘણા પ્રકારની પકડોમાંથી મુક્ત થઈ શકાય. એવી નમ્રતા જીવનમાં જ્યારે પ્રકટે છે, ત્યારે તેને બધાંની સાથે બની શકે છે. એવી જ્ઞાનભક્તિયુક્ત જીવનમાં પ્રકટેલી નમ્રતામાંથી સર્વ પરત્વેની નીતરતાં સદ્‌ભાવને સમત્વ પ્રકટે છે. **નમ્રતા પ્રકટ્યા વિના સદ્‌ભાવ ને સમત્વ પ્રકટી શકતાં નથી.** જેને કોઈ પણ પ્રકારનું કંઈ કશા પરત્વે 'હું પણું' પ્રકટેલું હોય છે કે અભિમાન હોય છે કે કોઈ પણ પ્રકારની સમજણનો ફાંકો હોય છે, તેનામાં નમ્રતા પ્રકટવી ઘણી અઘરી છે. **નમ્રતા પ્રકટાવવાને કાજે નિરાગ્રહી, નિરાસક્ત બનવું ઘણું જરૂરી છે. જ્ઞાનયુક્ત પ્રકટેલી નમ્રતા બીજાનામાં પ્રવેશ પામી શકે છે.** સાચા નમ્ર માનવીને બીજા જીવ તેના યથાર્થપણામાં ન સમજી શકે તેનો કશો વાંધો હોતો નથી. એવી નમ્રતા કેળવવાથી જીવનવિકાસના પંથમાં પ્રગતિ થઈ શકે છે. નમ્રતાનો ગુણ કેળવવો એટલા માટે ઘણો ઘણો જરૂરનો છે. જોકે આત્યંતિક દશામાં શૂન્યાત્મક નમ્રતા એ તો આત્માનો સહજ ગુણ છે, સ્વયંપ્રકાશ પણ છે, પરંતુ તે દશા થતાં પહેલાં આપણે જીવપ્રકારની દશામાંથી હઠવાનું છે ને તેટલા માટે નમ્રતાનો ગુણ કેળવવાનો છે. **અનેક પ્રકારની મડાગાંઠો, માન્યતાઓ, ટેવો, આગ્રહો વગેરે વગરેથી જો મુક્તિ મેળવવી હોય તો તે નમ્રતા પ્રકટ્યા વિના નહિ બની શકે.** સામાન્ય રીતે જગતની દૃષ્ટિએ નમ્ર ગણાતા માનવીઓમાં પણ અમુક અમુક પ્રકારની માન્યતાની પકડો રહ્યા કરતી હોય છે. સાચો નમ્ર માનવી તો સંપૂર્ણપણે મુક્ત થતો જતો હોય છે.

*('જીવનસંશોધન' ત્રી.આ., પૃ. ૧૭૧-૧૭૨)*

**વનસ્પતિ ઉગાડે ને રોપે બી કોણ એમનું ?**
**પક્ષીઓ ના કરે ચિંતા; સૌ એની મેળે ચાલતું.**

**વહેવડાવે નદી કોણ ? ચલાવે કોણ વાયુને ?**
**તારા અદ્ધર કો રાખે ? ધારે છે કોણ પૃથ્વીને ?**

**પ્રકૃતિનું બધું કાર્ય કરવા કોણ જાય છે ?**
**નિયંત્રિત રહે વિશ્વ આખુંયે તે કઈ રીતે ?**

**અનંત કાળથી વિશ્વ ચાલ્યાં જ કરતું દીસે,**
**એની સંભાળ લેનારું બેઠેલું કોક તો હશે.**

**પ્રભુમાં સર્વ આધાર શ્રદ્ધા, વિશ્વાસ જીવતાં,**
**-જેને બેઠાં હશે ઊંડા, તેવા નિર્ભય રે' સદા.**

**આપણે આપણા ભાવે રમવાનું ચહ્યાં કરો,**
**એ જ મહત્ત્વનું કાર્ય આપણું સૌ ગણ્યાં કરો.**

**ફંટાતાં આડું એમાંથી ચેતવાનું હૃદે ચહો,**
**સ્થિરભાવ ટકે એવું વર્તવાનું કર્યા કરો.**

**સર્વશ્રેષ્ઠ પ્રભુ જાણી એને મહત્ત્વ આપજો,**
**જે તે કાર્ય મહીં એનો ઊંડો ખ્યાલ ધરાવજો.**

*('જીવનપરાગ' પાંચમી આ. પૃ. ૫૧૮ થી ૫૨૧)*

---

અનુસંધાન પાના નં. ૧૬ પરથી

**કરતાં હોઈએ તેના ચેતનાભાવની જાગૃતિ આપણા દિલમાં હોવી જોઈએ. નિવેદન કરાતી પળે આવી જાગૃતિ હોય જ તો તે નિવેદન-આત્મનિવેદન-એક સાધન છે તેમ લખાય.**

**સ્વજન :** આવું તો અમારાથી ના બને !

**શ્રીમોટા :** જો આપણને એક વખતે એ સાધનની સાચી સમજણ ઊગી હોય અને જો તે પરત્વેની જિજ્ઞાસા જાગેલી હોય તો તો તેવો પ્રયત્ન થઈ શકે ખરો. **ખાલી બૌદ્ધિક સમજણ હોય અને જિજ્ઞાસા જાગી ના હોય તો તેવા પ્રયત્નમાં કશી બરકત પ્રગટવાની નહિ, તે વાત પણ સાચી.** તેવા પ્રયત્નના મૂળમાં દિલની ખરેખરી જિજ્ઞાસા પ્રગટેલી હોતી નથી.

*('આવી મળે એ અવસર' પ્ર.આ., પૃ. ૬૧ થી ૬૩)*

## ૧૨. સ્મરણ શા માટે

**- પૂ. શ્રીમોટા**

**બુદ્ધિ અને પ્રાણ એ આપણા આધારનાં કરણો શાંત પડ્યા વિના, પૂરેપૂરાં શુદ્ધ થયા વિના, શ્રીભગવાનનાં ચરણકમળમાં આસક્તિ પામવી એ લગભગ અશક્ય હકીકત છે.** સૌથી વધારે તો પ્રાણ જીવને જીવપણામાં રાખનાર છે. બુદ્ધિમાં સાત્ત્વિકતા, તેજ, સૂક્ષ્મતા અને આરપાર વેધી શકે તેવી વેધકતા શ્રીભગવાનમાં શ્રદ્ધાવિશ્વાસ પ્રગટ્યા વિના, જીવતાં થયા વિના, કદી પણ જન્મી શકતાં નથી. બુદ્ધિ આપણને હચમચાવે, ડગમગાવે અને સગડગ પણ કરાવે અને જીવનવિકાસના ધ્યેયથી દૂર પણ ફગાવે છે. જો આપણી નજર સતત એકધારી જીવનવિકાસના ધ્યેય પરત્વે જીવતીજાગતી રહ્યા કરતી હોય તો આપણને સફાળા જગાડીને ચેતાવનાર પણ તે જ હોય છે. તેથી, મથનારને તે શત્રુ-મિત્ર જેવાં હોય છે. **જે ખોળે છે તેને તે જડે છે. મથે છે તે મેળવવાને માર્ગે છે. બાકીના તો મોં વકાસતા રહે છે. આપણે તો એને જ સંભાર્યા કરવાનો છે, પરંતુ તે શેને કાજે, તેનો પૂરેપૂરો જાગ્રતિપૂર્વકનો ખ્યાલ રાખવાનો છે અને એમાં જ માલ છે. નાસીપાસ થવાનું કારણ ના હોય.**

મારા જેવાને તો મહામુસીબતો હતી. ખાવાનાં સાંસાં ના કહેવાય, પણ ગરીબાઈ તો પૂરી, પાકી હતી. છતાં એનું નામ લીધા કરવાનો અભ્યાસ ચાલુ જ રાખ્યા કરેલો. પોણાચાર વર્ષે અને તે પણ અભ્યાસ જેવો તેવો નહિ, પણ સતત અને એકધારો થતાં પાક્યો. ભુલાય તો કેવું થતું તે જણાવ્યું છે. માટે, અભ્યાસ વિના આરો નથી. **અભ્યાસ વધતાં વધતાં જ વૈરાગ્ય જાગવાનો છે.** જેને વૈરાગ્ય જાગી જાય છે એવા જીવને અભ્યાસ સહજ અને સરળ થતો જાય છે. 'જીવનમંડાણ'. બીજી આ., પૃ. ૮-૯

### જ્ઞાનભાવ સાથે સ્મરણ

**જ્ઞાનભાવે વડીલોની મર્યાદા પાળશો અને ઘરમાં આપણાથી બને તેટલો સુમેળ પ્રવર્તે અને ઘરનું વાતાવરણ જેટલું શાંતિવાળું અને પ્રસન્નતાવાળું રાખી શકવામાં જેટલો ભાગ ભજવી શકાય તેટલો હૃદયના ઉમળકાથી ભજવવો. તેવું થવા દેવા કાજે ઘસાવું કે સહેવું પડે તો, તે તો એક પ્રકારનો યજ્ઞ છે એમ હૃદયમાં સમજવું.**

બને તેટલું નામસ્મરણ કરતા રહેશોજી. **જીવનમાં વિવેકયુક્ત નમ્રતા કેળવશો. જો વિવેક ન પ્રગટે તો તે સાધના નથી.** વિવેકની ભૂમિકા તો સમતા, તટસ્થતા આદિ ભાવોની સાથે રહેલી છે. **સર્વ સાથે સુમેળ ભાવે જીવવાનું છે. સર્વ કોઈમાં શ્રીપ્રભુની કૃપાલીલાનો જ વિસ્તાર છે એમ સમજીને સર્વ પરત્વે એવો ભાવ મનહૃદયથી રાખવાનું આપણે શીખવાનું છે. આપણા અંતરમાં જે ભગવાન બિરાજેલો છે, એ જ આપણો તારણહાર છે અને એનું જ સગપણ સાચું છે. તે જ્ઞાન જીવનમાં ઉતારવા કાજે મળેલામાં તેવો ભાવ જગાડવાનો છે. સંસારમાં રહીને તેવો ભાવ રહી શકવો દુર્લભ છે એમ ઘણાં કહે છે, પરંતુ જો શ્રીપ્રભુનાં ચરણકમળમાં પ્રેમભક્તિ પ્રગટી જાય તો સર્વ શક્ય છે.** માટે, એની જ્ઞાનભક્તિમાં મસ્ત બનજો. સ્મરણમાં તલ્લીનતા અનુભવશો. 'જીવનમંડાણ', બીજી આ. પૃ. ૪-૫

### પ્રભુસ્મરણ એ જ ખરું

સંસારવહેવારના સંબધોમાં, સંસાર વહેવારની રીતે આપણે વર્તવાનું નથી અને સંબંધોની રીતે મન પણ રાખવાનું નથી કે પરોવવાનું નથી. પ્રભુની ભક્તિ વ્યક્ત અને અવ્યક્ત બંને છે. જે જે વખતે જે જે કંઈ કામ મળે તે તે કામમાં **શ્રીપ્રભુની સ્મરણભાવના અને ધારણા જીવતી રાખ્યા કરીને તે તે જીવના સંબંધને આપણે ગૌણ ગણ્યા કરવાનો છે.**

પ્રતિજ્ઞા એવી હોવી જોઈએ કે જેથી કરીને જીવનનો વિકાસ વધે અને તે પરત્વેની સૂક્ષ્મ સમજણ પણ પ્રગટે. જે જે સંબંધ છે તે કોઈને ત્યજવાનો પણ નથી, મૂકી દેવાનો પણ નથી અને સામો વધારવા

**અનુસંધાન પાના નં. ૨૧ પર**

# ૧૩. જપની પદ્ધતિ

**- પૂ. શ્રીમોટા**

જપની Technique (પદ્ધતિ અને ગુણમાપ) - જપ ટૂંકામાં ટૂંકો હોવો જોઈએ.

જપમાં અઘોષ અક્ષરો ન હોવા જોઈએ. જે જપ બોલવામાં ઘણો ઘણો સરળ હોય તે ઉત્તમ.

**શબ્દનાં ત્રણ સ્થળ : ૧. નાભિ ૨. કંઠ ૩. બ્રહ્મરંધ્ર - એ ત્રણેને સ્પર્શે અને ભેદે એવા અક્ષરો જે જપના શબ્દમાં હોય તે શ્રેષ્ઠ.**

શ્વાસોશ્વાસ સાથે અથવા નાડીના ધબકારા સાથે જપમંત્ર બોલવો જોઈએ. જપના મંત્રમાં ગંગાના પ્રવાહ જેવી સતત એકધારી જીવંત સહજ નિરંતરતા પ્રગટે ત્યારે જ અંતઃકરણ અને આંતરિક કરણોને યોગ્ય ધ્યેય પરત્વેના માર્ગે વાળવામાં તે સાચો મદદગાર થઈ પડે છે.

જપમાં નિરંતરતા પ્રગટે તે અત્યંત જરૂરનું છે. તે પ્રગટે તો ચેતનદ્યોતક ભાવ ઊગવાનો જ.

**જપ જેટલો ઊર્મિથી, લાગણીથી અને ભાવનાથી લેવાય તેટલું ઉત્તમ.** માનસિક જપ ઉત્તમ એ વાત ખરી, પરંતુ શરૂઆતમાં સામાન્યતઃ **કોઈ પણ મનમાં તો જપ ન કરી શકે, કારણ કે મન તો સંકલ્પવિકલ્પ જ કરી શકે** - દ્વંદ્વ અને ગુણની ભૂમિકાવાળું મનનું Function - કાર્ય તો સંકલ્પવિકલ્પનું હોય. તે વિના તે બીજું ના કરી શકે. જ્યારે **જપ તો સતત દઢ અનુરાગભર્યો જીવતો ચેતનવંતો અભ્યાસ પ્રગટી જાય અને એમાંથી એકધારી સહજતા અને નિરંતરતા પ્રગટે ત્યારે જ મનમાં જપની ધારણા ઊગે છે.**

અનેક પ્રકારના આઘાતપ્રત્યાઘાતને લીધે આપણા શરીરના જ્ઞાનતંતુઓમાં કંપ પેદા થાય છે. એવા કંપના પ્રકાર પણ જુદા જુદા હોય છે. જુદા જુદા પ્રકારના કંપથી શરીરમાં જુદું જુદું સંવેદન ઉદ્‌ભવતું હોય છે. કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, અહમ્ વગેરેના ઉત્કટપણાથી અમુક પ્રકારના આવેશ અને આવેગ પ્રગટે છે. તેના આઘાત પ્રત્યાઘાતોથી જ્ઞાનતંતુમાં જુદા જુદા પ્રકારના કંપ પ્રગટે છે. તે તે આધારમાં એકપ્રકારની સમતાથી સમતોલપણું હોય છે. તેમાં આવા પ્રકારના કંપ ગેરવ્યવસ્થા પ્રગટાવે છે. અશાંતિ, અસમાનતા ઉપજાવે છે અને તેથી કરીને જ્ઞાનતંતુની સરળતાયુક્ત વ્યવસ્થિતિનો ભંગ થયા કરવાથી જ્ઞાનતંતુની કાર્યક્ષમતા ઘટતી જાય છે અને તેમની ધારણાશક્તિ ઘટતી જાય છે. સમત્વ તૂટી જાય છે, સમતોલપણું ઘટે છે અને તેથી કરીને રોગાદિ થાય છે. **જપ કે મંત્ર એકધારો નિરંતરતાપૂર્વકનો હૃદયથી લેવાયા કરાતો હોય તો તેવા મંત્રની ધારણાથી જ્ઞાનતંતુઓ પ્રાણવાન (Tone-up) બને છે. તેનાથી જ્ઞાનતંતુમાં સમતા, શાંતિ, સમતોલપણું આદિ પ્રગટે છે. એવી શાંતિ, સમતોલપણું અને સમતા જ્ઞાનતંતુમાં પ્રગટીને એની ટોચ ઉપર પહોંચે છે ત્યારે શરીરના રોગ પણ તે નિવારી શકવાની શક્યતામાં પ્રગટી શકે છે.** જપમાં એટલા માટે ગંગાના પુનિત પ્રવાહના જેવી સતત એકધારી સળંગ નિરંતરતા પ્રગટવી એ ઘણી જરૂરની હકીકત છે. જ્યારે જપમાં એવી ભાવનાત્મક નિરંતરતા ઊગે છે ત્યારે મન, બુદ્ધિ, ચિત્ત, પ્રાણ અને અહંનાં પ્રાકૃતિક વલણો અને ધ્યેયને યોગ્ય મઠારવામાં પ્રેરણાત્મક અને કાર્યસાધક બને છે. મનના સંકલ્પવિકલ્પો ઘટી જાય છે. ચિત્તનો સાત્ત્વિક પ્રકારનો સંસ્કાર જન્મે છે. પ્રાણની કામક્રોધાદિક વિષયોની સ્ફુરણામાં આપોઆપ ઘણી મંદતા પ્રગટે એવી સ્વાભાવિક ભૂમિકા પ્રગટે છે. બુદ્ધિમાં સમત્વ પ્રગટીને તેની ધારણા તેને અખંડપણે રહે છે. અને અહમ્ જે પહેલાં જીવદશામાં દ્વંદ્વાદિક અને ગુણાદિક વિષયોમાં રોકાયેલું રહ્યા કરતું હોય છે તે હવે તેમાંથી અટકીને ચેતન પરત્વેના જ્ઞાનપ્રેરક અભ્યાસમાં ગતિ કરવાને પ્રેરાયેલું રહ્યા કરે છે.

**જપમાં શ્રદ્ધા જરૂરી ખરી.** એમ તો પ્રત્યેક કંઈ કશું સાકાર કરવાને તે વિષયના કર્મને પરિપૂર્ણપણે પાર ઉતારવાને માટે તે કર્મ પરત્વેની શ્રદ્ધા અનિવાર્ય છે. તેવી શ્રદ્ધા વિના તેવું થઈ શકતું હોતું નથી.

**જપમાંથી જન્મેલી શ્રદ્ધાના પ્રાણથી જે લાગ્યું તેને અક્ષરદેહમાં મૂક્યું છે.** તે વાંચતાં વાંચતાં જપ પરત્વે કેટલો ઊંડો અભ્યાસ થયો છે તે સમજાય છે. આ જપ ઉપરનું લખાણ અભ્યાસપૂર્ણ અને જ્ઞાનયુક્ત પણ છે. જપને બધાં પાસાંથી વિચારવાનું કર્યું છે. જો જપની ભાવનામાં પ્રવર્તેલો ન હોત તો એવું બધું કદાચ ન બની શક્યું હોત.

જપ એ અમોઘ દૈવી શક્તિ છે. એ તો એના પ્રયોગમાં જેમણે યાહોમ કરીને ઝંપલાવ્યું હોય અને એમાં સર્વ રીતે સર્વ ભાવે સમર્પણ કરેલું છે એવા પ્રયોગવીરને પણ સમાજ ભાગ્યે જ સમજી શકે તો અનુભવી તો શકે જ કેમ ?

*('નામસ્મરણ' છઠ્ઠી આ., પૃ. ૫૨ થી ૫૫)*

---

**અનુસંધાન પાના નં. ૧૯ પરથી**

જવાનો પણ નથી, પરંતુ **જેમ જેમ જ્યાં જ્યાં હોઈએ તેમ તેમ જે થયા કરે તેમાં જ્ઞાનપૂર્વકનું પ્રેમભક્તિનું જીવતું સ્મરણ રહ્યા કરે એટલું લક્ષમાં રાખવાનું છે. બને તેટલું ઓછામાં ઓછું બોલવું અને પ્રભુનું સ્મરણ કરતાં કરતાં જે જે કર્મ મળે તે કર્મ કરતાં કરતાં પ્રભુની ભાવનાને દઢતર બનાવવી.**

'જીવનમંડાણ', બીજી આ. પૃ. ૪૧-૪૨

**મોટેથી સ્મરણ**

ભગવાનનું નામસ્મરણ સતત એકધારું બન્યા કરે એની તું ખૂબ ખૂબ કાળજી રાખજે અને **હૃદયમાં ખૂબ ભક્તિ પ્રગટાવી પ્રગટાવીને એકાગ્રભાવે એનું નામ મોટેથી લીધા કરજે.** એથી કોઈને સારું લાગે કે ખોટું લાગે તેનો ઝાઝો વિચાર કરવાપણું નથી. કોઈ પૂછે તો કહેવું કે મન વિચાર કરતું અટકે તેને માટે આમ કરું છું. 'જીવનમંડાણ', બીજી આ. પૃ. ૧૧૬

**નામસ્મરણ ભલે શુષ્કતાથી થતું લાગે તોપણ લીધા કરવું.** સંતોષકારક ન થતું લાગે ત્યારે આપણું મન બીજી કોઈ બાબતમાં ભેરવાઈ પડેલું છે એમ સમજવું. 'જીવનમંડાણ', બીજી આ. પૃ. ૧૪૮

*('નામસ્મરણ' છઠ્ઠી આ., પૃ. ૭૧ થી ૭૪)*

## ૧૪. ત્રાટક - પૂ. શ્રીમોટા

ત્રાટકમાં આંખ મીંચાવા દેવાની કે પાંપણ ફરકવા દેવાની નથી. જ્યારે એવું થાય ત્યારે તે બંધ કરી દેવું. પરંતુ સમયનો નિર્ધાર તેમાં જળવાય ત્યારે તે યોગ્ય પ્રકારનું છે એમ ગણાય. ગમે ત્યારે ગમે તેમ તે મૂકી ન દઈ શકાય. **ત્રાટકથી મક્કમતા કેળવાય છે, નિશ્ચયબળ કેળવાય છે; અને દઢાત્મક અને નિશ્ચયાત્મક ભાવ પ્રકટાવવાને માટે ને એકમાં જ સ્થિરતાથી વળગી રહેવા માટેનું બળ કેળવવાને માટે ત્રાટકનું સાધન યોગ્ય છે.**

*('જીવનસંશોધન' ત્રી.આ., પૃ. ૨૦૨)*

સમયની મર્યાદા જાળવીને ત્રાટક સમયે એક વખત પણ પાંપણ હાલી જાય ત્યાર પછી તે બંધ કરવું. જો એમાં નક્કી કરેલા સમયની મર્યાદા નહિ જળવાય તો તેનાથી કશો ફાયદો નથી. આપણી પ્રકૃતિમાં જે સગડગની વૃત્તિ છે, તેને નિશ્ચયાત્મકપણામાં પ્રકટાવવાને માટે આ એક ઉત્તમ સાધન છે. જો મુકરર કરેલી સમયની મર્યાદાનો વારંવાર ભંગ થયા કરે તો તો લાભને બદલે ગેરલાભ પણ થાય. પ્રત્યેક સાધનાના અભ્યાસને માટે સ્થળ ને કાળ નિશ્ચિત અને નિર્ણિત થયેલાં હોવાં જોઈએ; અને તેમાં ભાવનાની સળંગતા પ્રકટે તો જ ભાવની પરિપક્વતા પ્રકટે છે. **ત્રાટકમાં મધ્યબિંદુ જ જણાય ને આગળપાછળનું કશું પણ ન જણાય ત્યાં સુધી મથ્યા કરવાનું છે.** ત્રાટકના કેંદ્રસ્થ વર્તુલની વચ્ચે ચાકથી એક ટપકું કરવું ને તેના પર આંખને સ્થિર રાખ્યા કરવી. જેમ જેમ ભાવસ્થ થવાતું જશે, તેમ તેમ આંખો સ્થિર થતી જવાની. **હૃદયમાં પ્રકટેલો ભાવ વ્યવહારમાં પણ જ્ઞાનપૂર્વક ઉપયોગમાં પ્રકટાવવાનો છે.** જેમ આપણે ભૂમિતિમાં Theorem (પ્રમેય) કરતા ને જેની Exercise (મનોયત્ન) કરતા હતા તેવી રીતે ધ્યાન વગેરે સાધનો પ્રમેય છે, જીવનવ્યહારમાં પ્રત્યક્ષ આચરણ તે મનોયત્ન છે.

*('જીવનસંશોધન' ત્રી.આ., પૃ. ૨૧૨-૨૧૩)*

**ગૂઢ સંકેત**

૧૯૬૦થી પૂજ્ય શ્રી નંદુભાઈનું શ્રીમોટા સાથે કાયમી જોડાઈ જવું, આ જ અરસામાં **ઈંદ્રવદન શૅરદલાલ અને પછી ડૉ. રમેશભાઈ ભટ્ટનું શ્રીમોટાના સાંનિધ્યમાં આવવું,** શ્રીમોટાના શરીરમાં અનેક પીડાકારી રોગોનું પ્રગટ થવું અને સમાજને બેઠો કરવા અનેક લોકકલ્યાણની પ્રવૃત્તિઓની શરૂઆત કરવી અને ટૂંકા ગાળામાં પદ્યગ્રંથોની રચના થવી એમાં નિયતિનો ગૂઢ સંકેત હતો.

શ્રી નંદુભાઈએ 'શ્રીમોટાની મહત્તા' પુસ્તક ચોથી આ., પૃ. ૪૬ ઉપર પ્રસંગ વર્ણવ્યો છે કે **'ઈંદ્રવદન શૅરદલાલ શ્રીમોટાના હનુમાન. શ્રીમોટાની ભક્તિ એણે ગજબ કરી છે.** ૧૯૬૦-૬૧માં એ પહેલી વાર સાંજના પાંચેક વાગ્યે આશ્રમે આવેલા. અમે જમવા બેસવાની તૈયારીમાં હતા. શ્રીમોટા બોલ્યા, 'કેમ આવ્યા છો ? ક્યાંથી આવ્યા છો ? જાવ પાછા.' પહેલી જ વાર એ યુવક એક ઓળખીતા ભાઈની સાથે આવેલો. ઈંદ્રવદનને લઈને જે આવેલા એ ભાઈ પણ છોભીલા પડી ગયા અને એ તો પાછા ગયા. મને થયું કે આ કાચું કપાયું એટલે હું, શ્રીમોટા જાણે નહિ એવી રીતે પાછો વળી દરવાજે ગયો અને કહ્યું, 'ભાઈઓ, (પેલા બીજા ભાઈને તો ઓળખતો હતો) તમે એમ કરો, તમને ચિઠ્ઠી લખી આપું. નડિયાદમાં રાત્રે ત્યાં રહો. કાલે સવારે આવજો.'

'ના, ના, અમે તો અમદાવાદ જઈશું. સ્કૂટર ઉપર આવ્યા છીએ. પાછા કાલે સવારે આવીશું.' પછી એ તો ગયા. મને થયું આ તો ગયા તે ગયા. હવે કોઈ આવે નહિ. અત્યારે કાઢી મૂક્યા અને સવારે કોઈ આવે ? પણ અમારા આશ્ચર્ય વચ્ચે એ લોકો આવ્યા. **શ્રીમોટા સાથે ઈંદ્રવદનભાઈનું નસીબ જોડાયેલું હશે, એ કેમ મિથ્યા થાય ? અને પછી તો જે એમની ભક્તિ, જે એમની સેવાની ધગશ, પડ્યો બોલ ઉપાડવાની તમન્ના-તૈયારી-તે બધું બહુ અદ્‌ભુત હતું. એટલે જેના જેના નસીબમાં હશે, તેને તેને તે આવી મળે છે.'**

૧૯૬૧ની સાલના અંતમાં ઈંદ્રવદન શેરદલાલ, ગુજરાતી સાહિત્ય પરિષદને પચીસ હજાર રૂપિયાના દાનની દરખાસ્ત કરતો શ્રીમોટાએ લખાવેલો એક પત્ર લઈને ડૉ. રમેશભાઈ ભટ્ટ પાસે ગયા અને ત્યારથી રમેશભાઈ ભટ્ટની મોટા સાથે જોડાવાની શરૂઆત થઈ. તે સમયે રમેશભાઈ ગુજરાતી સાહિત્ય પરિષદના કાર્યાલય મંત્રી હતા.

૧૯૫૦ના દાયકામાં આશ્રમોની સ્થાપના થઈ. ૧૯૫૦થી ૧૯૬૦નો દાયકો પૂરો થતાં આધ્યાત્મિક પ્રયોગવીર શ્રીમોટામાં વિશિષ્ટ સ્ફુરણ થયું. તેઓએ એક આશ્ચર્યકારક અલૌકિક હકીકત લૌકિક ભાષામાં રજૂ કરી હતી. **'મારા ગુરુમહારાજે મને આદેશ કર્યો કે હવે, તું લોકકલ્યાણનું કામ કર. એક કરોડ રૂપિયાનું કામ કર.' શ્રીમોટા કહે, 'પ્રભુ એ રૂપિયા હું ક્યાંથી લાવું ?' ગુરમહારાજે કહ્યું, 'એ રૂપિયા તારે લોકો પાસેથી મેળવવા.' શ્રીમોટા કહે, 'લોકો પાસેથી લીધેલા પૈસાનું ઋણ હું ક્યારે ચૂકવી શકું ?' ગુરુમહારાજે કહ્યું, 'એની તું ફિકર ન કરીશ. જે લોકો તને આપશે એનો બદલો હું વાળી આપીશ.'** આ રીતે શ્રીમોટાએ ગુરુના આદેશથી પોતાની અનુભવ દશાના પ્રયોગને એક નવી જ દિશામાં વિસ્તારવાનો સંકલ્પ કર્યો હતો. માનવ સમુદાયના હૃદયમાં રહેલા ઉન્નત ભાવો અને ભાવનાઓને જાગૃત કરી સક્રિય કરવાનો અને વ્યક્તિના તેમ જ સમૂહના જીવનમાં રહેલી ગુણશક્તિને, વિશાળ માનવજાત માટે પ્રગટ કરવાનો એક પ્રભુસંકલ્પ પ્રગટ થયો. હવે, વ્યક્તિલક્ષી કલ્યાણ ઉપરાંત સામૂહિક કલ્યાણની દિશા ખૂલી હતી.

(અનુષ્ટુપ)

**પ્રભુ શો ગૂઢ છૂપો જે બધાંનામાં વસેલો છે,**
**છુપાયેલા પ્રભુને તે પ્રગટ કરવા હૃદય જીવીએ.**
**બધાં સાથે અમે જીવીએ, બધાં સાથે મળીભળીએ,**
**અમારો જીવવાનો શો ન કોઈ હેતુ જાણે છે !**

('જીવન અનુભવ ગીત', ત્રીજી આ. પૃ. ૪૩૬)

૧૯૩૯માં **'હું સર્વત્ર વિદ્યમાન છું'** એ અનુભવ વચન પ્રગટ થયું હતું. એના જેવો જ રણકો ૧૯૬૧ પછી **'મારે સમાજને બેઠો કરવો છે.'** એ વિધાનમાંથી સંભળાયો અને થોડાક જ સમયમાં સમાજમાં આ શબ્દો પ્રસરી ગયા. શ્રીમોટાના આ શબ્દોએ લોકસમુદાય ઉપર અદ્ભુત અસર કરી. તેઓશ્રીએ પ્રેરેલાં કાર્યો માટે જુદાં જુદાં ક્ષેત્રોમાંથી, જુદી જુદી દિશામાંથી લોકોએ શ્રીમોટાએ સૂચવ્યું તેમ કર્યું.

('હરિઃૐ આશ્રમ, શ્રી ભગવાનના અનુભવ કાજેનું સ્થળ', ત્રીજી આ. પૃ. ૫૦/૫૨,૫૬)

શ્રી નંદુભાઈ, તા. ૧૯-૫-૧૯૯૫ના રોજ શ્રી રમેશભાઈ ભટ્ટ ઉપર લખેલા એક પત્રમાં જણાવે છે કે 'પ્રિય રમેશભાઈ ! હરિઃૐ તમે મને સહજ જ શરૂઆતથી જ ગમી ગયેલા. તે એક કુદરતી ઈશ્વરની બક્ષિસ છે એમ લખું છું. હું પણ આશ્રમનાં કામકાજમાં ૧૯૬૦માં active (સક્રિય) રીતે જોડાયો અને પરમેનન્ટ (કાયમી) રહેવા આવ્યો ને તમે ૧૯૬૧માં જુદી રીતે (શબ્દસ્પર્શથી) પૂજ્ય કને આવ્યા અને ખરેખરા ૧૯૬૭થી નિકટ આવ્યા. ૨૭ વર્ષ લગી નિકટ સંપર્કમાં રહ્યા.

મેં અંતેવાસી રહીને કામ કર્યું. તમે બહાર રહીને બહારનું કામ - સાહિત્ય ક્ષેત્રે ભવ્ય પ્રદાન - આપ્યું. આપણે બંને પૂજ્યના વિરાટ કામમાં સાથે જોડાયા, સહયાત્રીઓ બન્યા. આપણે કેટલા બધા નસીબદાર !!!'

પૂજ્યના સાહિત્ય પ્રકાશનમાં તમે 'સિંહ'ફાળો આપ્યો. તેમાંય કાવ્યપુસ્તકોને પ્રાસાદિક સાહિત્ય ગણવાની જનતાને સમજણ આપી. તમે પૂજ્ય શ્રીમોટાના જીવન સાહિત્યના ભાષ્યકાર છો. તમે પૂજ્યનાં વર્તનકળાને તથા સાહિત્યને ખૂબ જ સારી રીતે પ્રીછ્યાં છો ને એમાં મૂલ્યાંકન કર્યાં છે. આવાં પુસ્તકોનો જેટલો વિશાળ ફેલાવો થાય તેટલું સારું.

લિ. ભાઈનાં વહાલ

('ચિદાકાશ', પ્રથમ આ., પૃ. ૬)

આ રીતે ૧૯૬૦ના દાયકામાં શ્રી નંદુભાઈનું શ્રીમોટાની બધી જ પ્રવૃત્તિઓના સંચાલનમાં, ઇંદ્રવદન શેરદલાલનું શ્રીમોટાની બધી બાહ્ય પ્રવૃત્તિઓ અને શારીરિક સેવામાં તેમજ ડૉ. રમેશભાઈ ભટ્ટનું શ્રીમોટાના સાહિત્યિક ક્ષેત્રમાં વિશિષ્ટ પ્રદાનનું નિર્માણ થયું હતું, એ એક નિયતિનો ગૂઢ સંકેત હતો. આ પછી જ શ્રીમોટાના જીવનહેતુના અંતિમ સોળ વર્ષની ઝંઝાવાતી સફર શરૂ થઈ હતી.

*('જીવન સાર્થકતાની કેડીએ (ઉત્તરાર્ધ)' પ્ર.આ., પૃ. ૨૭૮ થી ૨૮૧)*

## ૧૬. ગઝલ - પૂ. શ્રીમોટા

**'જીવન એ તો તપશ્ચર્યા' જીવનની એ સમજ જેને**
**જીવનની દુઃખથી એને સમસ્યા ગૂઢ ઉકલે છે.**
**એવું જીવન હર્ષથી પ્રભુપદે જે જે સમર્પ્યાં કરે**
**એને જીવનમાં પડે રસ ખરો એવા જીવ્યામાં હૃદે**
**એવું જીવન તો થવા ઉભયનું તે ભેટ આજે ચહું**
**એવા જીવનનું સમર્પણ કરી બંને જીવો એકશું.**
**જીવને નિત્ય ને નિત્ય ત્યાગ યજ્ઞ સમર્પણ**
**સ્વભાવે પ્રકૃતિથી શા કરે આપ્યાં બધા જીવ ॥**
**વિકાસ પ્રકૃતિ જન્ય એમ સૌનો થયાં કરે**
**વિકાસ પ્રકૃતિ જન્ય થકી ના જ્ઞાન ઉદ્ભવે ॥**
**ભાવના, જ્ઞાન છે જેના ત્યાગ યજ્ઞ સમર્પણે**
**હેતુ જીવનનો તેમાં લાગે તે બદલાય છે ॥**
**જીવને આપતાં રે'જો ત્યાગ યજ્ઞ સમર્પણે**
**ભાવના જ્ઞાનથી યુક્ત, તો રૂપાંતર પામશો.**

લિ. તમારા બંનેનો એક એવો તમને ઝૂરતો દૂર પડેલો હોવા છતાં ભાવનાથી તમોને મળવા ઈચ્છતા એવાંના હૃદયના ઘણા ઘણા આજના દિ'ના પ્રેમભાવયુક્ત રામ રામ ને પ્રણામ.

*('પાડજો પગલા પ્રભુ' પ્ર.આ., પૃ. ૨૫)*

સીમા નથી દેશની કોઈ જેને, ના કાળનું બંધન કોઈ જેને,
વાણી થકી જે ન વદી શકાય ને ચિત્તથી ચિંતવી ના શકાય. ૯૩

**જે [આત્મતત્ત્વ]ને દેશ [= સ્થાન]ની કોઈ સીમા નથી, જેને કાળનું કોઈ બંધન ના [= નથી], જે વાણી થકી ન વદી શકાય ને ચિત્તથી ચિંતવી ના શકાય.**

જે સર્વદા છે જ, સદૈવ રે'શે, જેનો કદી બાધ ન સંભવે છે,
જે ચિત્સ્વરૂપે વિલસી રહ્યું છે ને સર્વ આનંદનું મૂળ જે છે. ૯૪

**જે [આત્મતત્ત્વ] સર્વદા છે જ, સદૈવ રે'શે, જેનો કદી બાધ ન સંભવે છે [= જે કદી 'નથી' થતું નથી], જે ચિત્સ્વરૂપે [= ચૈતન્યરૂપે] વિલસી રહ્યું છે ને જે સર્વ આનંદનું મૂળ છે.**

સર્વે રસોમાં રસરાજ જે છે ને સર્વ સૂક્ષ્મો થકી સૂક્ષ્મ તો છે,
જેના થકી ના પર છે કશુંયે, જે ઇન્દ્રિયોથી કદી ના પમાયે. ૯૫

**જે [આત્મતત્ત્વ] સર્વ રસોમાં રસરાજ છે, ને સર્વ સૂક્ષ્મો થકી [= થી] સૂક્ષ્મ છે, જેના થકી કશુંય પર ના છે [= નથી], જે ઇન્દ્રિયોથી કદી ના પમાયે.**

જેના પ્રકાશે સહુ વસ્તુ ભાસે, ના અન્ય કો તેજથી જે પ્રકાશે,
જેનો નથી જન્મ, ન મૃત્યુ જેનું અવ્યક્ત ને વ્યાપક રૂપ એનું. ૯૬

**જે [આત્મતત્ત્વ]ના પ્રકાશે સહુ વસ્તુ ભાસે [છે], જે અન્ય કો તેજથી ના પ્રકાશે [= પ્રકાશતું નથી], જેનો નથી જન્મ, જેનું નથી મૃત્યુ એનું [સ્વ]રૂપ અવ્યક્ત ને [સર્વ]વ્યાપક [છે].**

જેને નથી રૂપ, ન કોઈ રંગ, જે સર્વદા નિર્ગુણ ને અસંગ,
નિર્દ્વંદ્વ ને નિષ્ક્રિય જે સદાય, જેમાં કદી કો ન વિકાર થાય. ૯૭

**જે [આત્મતત્ત્વને] કોઈ રૂપ નથી, કોઈ રંગ ન[થી],જે સર્વદા નિર્ગુણ [= સત્ત્વ વગેરે ગુણોથી પર] ને અસંગ [= અનાસક્ત છે], જે સદાય નિર્દ્વન્દ્વ [= સુખ-દુ:ખ આદિ દ્વંદ્વો વિનાનું] [છે], જેમાં કદી કો[ઈ] વિકાર [= ફેરફાર] ન થાય [= થતો નથી.]**

અગાધ એ અદ્‌ભુત આત્મતત્ત્વ, છે સર્વનું સત્ય જ એ સ્વરૂપ;
એ રૂપને જે જન કોઈ પામે તેના ત્રણે તાપ સદા વિરામે. ૯૮

**જે આત્મતત્ત્વ અગાધ, અદ્‌ભુત છે, એ જ સર્વનું સત્ય સ્વરૂપ છે, જે કોઈ જન એ રૂપને પામે [છે] તેના ત્રણે તાપ સદા[ને માટે] વિરામે [છે.]**

૯૩થી ૯૮ સુધીના શ્લોકોમાં ભટ્ટ સાહેબ મુક્તાત્મા, જીવન્મુક્ત, અનુભવી, સાક્ષાત્કારી, જ્ઞાની - જે કહો તે તેમણે અનુભવેલ આત્માનું વર્ણન કરે છે. શ્રીમોટાએ સ્વયં 'શ્રી સદ્‌ગુરુ' પુસ્તકમાં આવા મહાપુરુષોનું વર્ણન કર્યું છે. પદ્યમાં લખાયેલ આ લક્ષણોનો સાર આ પ્રમાણે છે : ''સદ્‌ગુરુની બુદ્ધિ ઋતંભરા પ્રજ્ઞાની બનેલી હોય છે. રાગદ્વેષથી મુક્ત હોય છે. અગ્નિ જેવી તાલાવેલી હોય, સંપૂર્ણ નિરહંકારી બનેલા હોય, ચેતના અને પ્રકૃતિની વચ્ચે અગોતર પ્રેરણાના પ્રદેશમાં જ તે વિહરતા હોય, સદાયે ભાવનાની ટોચે તેમનો વાસ હોય, ભાવમાં પ્રતિષ્ઠિત અને વળી ભાવાતીત હોય, ચેતનાનો અખંડ પ્રવાહ હોય, સદ્‌ગુરુ સદાય આકાશતત્ત્વમાં જ રહેતો હોય, નિમિત્તમાં ઓતપ્રોત હોય છતાં તટસ્થ હોય, નરી સરળતા હોય, સંકોચ, માન, મર્યાદા, મતાગ્રહ, મડાગાંઠોનો સદંતર અભાવ હોય, સદ્‌ગુરુની વાણીમાં ઑર નશો રહ્યા કરતો હોય, જેનાથી દૃષ્ટિ

ખુલી જાય – તે સદ્ગુરુ. તે દ્વંદ્વાતીત, ગુણાતીત, નિરાગ્રહી, અનાસક્ત અને મુલાયમ હોય. વળી એને શરણે જનારને પોતાની સમકક્ષ બનાવવાનો પોતાનો ધર્મ સદ્ગુરુને હોય છે.

'જીવનમુક્ત' શીર્ષકવાળા એક લેખમાં ભટ્ટ સાહેબ લખે છે : ''આદિ શંકરાચાર્યે તેમના વિવેકચૂડામણિમાં સ્થિતપ્રજ્ઞ અથવા જીવન્મુક્તનાં લક્ષણોનું સરસ નિરૂપણ કર્યું છે. આત્માને બ્રહ્મના એકત્વને જ ગ્રહણ કરનારી, ચેતનાને જ વિષય કરનારી, સંશય, વિપર્યય વગેરે કલ્પના વિનાની વૃત્તિને 'પ્રજ્ઞા' કહે છે. જીવન્મુક્તની પ્રજ્ઞા સ્થિર થયેલી હોય છે. તેની વૃત્તિ બ્રહ્મકાર થયેલી હોય છે. જીવાત્મા અને પરમાત્માના અભેદની તેને પ્રતીતિ થયેલી હોય છે. તેનામાં ભેદદૃષ્ટિ હોતી નથી. તેને સર્વ પદાર્થોનું અસ્તિત્વ એક અદ્વિતીય **સચ્ચિદાનંદ સ્વરૂપ** બ્રહ્મથી જુદું નથી એવી નિશ્ચલ પ્રતીતિ થયેલી હોય છે. જીવ અને બ્રહ્મના એકત્વનો તેને અપરોક્ષ અનુભવ થયેલો હોય છે. બ્રહ્મનું સ્વરૂપ આનંદ છે અને તેનો તેણે સાક્ષાત્કાર કર્યો હોવાથી તે નિરંતર આનંદમાં જ રહ્યા કરે છે ['જે ચિત્સ્વરૂપે વિલસી રહ્યું છે તે સર્વ આનંદનું જ મૂળ છે.] ગીતામાં દર્શાવ્યા પ્રમાણે 'ब्रह्मभूतः प्रसन्नात्मा न शोचति कांङ्‌ति ।'– આવો બ્રહ્મસ્વરૂપ થયેલો અને પ્રસન્ન ચિત્તવાળો, જીવન્મુક્ત શોક કરતો નથી અને કોઈ પદાર્થની આકાંક્ષા રાખતો નથી. તેનું ચિત્ત નિર્વિકાર રહ્યા કરે છે. ['નિર્દ્વન્દ્ય અને નિષ્ક્રિય જે સદાય જેમાં કદી કો ન વિકાર થાય.'] તેને ઈષ્ટની પ્રાપ્તિ થતાં હર્ષ કે અનિષ્ટની પ્રાપ્તિ થતાં ખેદ થતો નથી. તેને આત્મસાક્ષાત્કારનો નિરાવરણ આનંદ નિરંતર થયા કરે છે. તેનું દેહાભિમાન નાશ પામ્યું હોય છે. છાયાની પેઠે અનુસરતા સ્થૂળ દેહમાં તેને અહંબુદ્ધિ કે મમત્વબુદ્ધિ હોતી નથી.'' ['જેને નથી રૂપ ન કોઈ રંગ, જે સર્વદા નિર્ગુણ અને અસંગ'].

જીવન્મુક્ત સ્થિતપ્રજ્ઞનાં લક્ષણોવાળો હોય છે. સમભાવવાળો, રાગ-દ્વેષથી પર, ગુણાતીત, માન-અપમાનથી પર, નિર્વિકાર, સમદર્શી, આસક્તિ વિનાનો, સ્થિર બુદ્ધિવાળો હોય છે. તેનામાં જ્ઞાનાગ્નિ પ્રજ્વલિત થતાં પ્રારબ્ધ સિવાયનાં બીજાં કર્મો નાશ પામ્યાં હોય છે. સંચિત તથા આગામી એટલે ક્રિયામાણ કર્મો નિર્બીજ થઈ જાય છે. નિર્બીજ થયેલાં ક્રિયમાણ કર્મો નવા દેહની ઉત્પત્તિમાં કારણ બનતાં નથી [જેને નથી જન્મ, ન મૃત્યુ જેનું]. સર્વત્ર બ્રહ્મદૃષ્ટિ થયેલી હોઈ પ્રારબ્ધકર્મનાં ફળ પણ બ્રહ્મથી ભિન્નરૂપે જણાતાં નથી.

'સદ્ગુરુ' પુસ્તકમાં શ્રીમોટા લખે છે : ''સદ્ગુરુનું બેસણું સ્થિતપ્રજ્ઞથી પણ ઊંચું છે.'' શ્રીમોટાના અનન્ય ભક્ત શ્રી પ્રતાપભાઈ ઉપાધ્યાય 'સદ્ગુરુ' પુસ્તકની પ્રસ્તાવનામાં શ્રીમોટાની આ કડીને સમજાવતાં લખે છે : ''ગીતામાં સ્થિતપ્રજ્ઞને બ્રાહ્મીસ્થિતિવાળો કહ્યો છે ખરો, પણ ગીતામાં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો ને વ્યાખ્યા આપ્યાં છે, તે જોતાં તે માત્ર સાધનામાં આવતી એક સ્થિતિ જ હોય એમ લાગે છે. આ સ્થિતપ્રજ્ઞતા એક પ્રકારના નિરોધની અવસ્થા હોય તેવો ભાસ થાય છે. તમામ કામનાઓનો ત્યાગ, કૂર્મની જેમ અંગોને અંદર સમાવી લેવાનાં વગેરે દ્વંદ્વો સામે ખડાં થાય ત્યારે કાંઈક આયાસપૂર્વક, પ્રજ્ઞાને સહારે સમભાવ રાખવાનો. સદ્ગુરુ એ ચેતનાની એવી સત્તા છે કે જેમાં બધું સહજ હોય છે. તે ત્યાગ કે સ્વીકાર, નિરોધ કે નિગ્રહ કે અનિગ્રહથી પર છે. તે દ્વંદ્વાતીત હોવાથી તેમને સમભાવ રાખવા કરવાનો સવાલ રહેતો નથી. શ્રી સદ્ગુરુ જીવનમાં, નિમિત્તમાં, જગતમાં પ્રવર્તે છે તે મન, બુદ્ધિ જેવાં કરણોને સહારે નહિ, પણ કેવળ ભાવનાના સહારે. આથી તો સારું-માઠું, લાભ-હાનિ, પાપ-પુણ્ય આદિને આપણે જે રીતે જોઈએ, વિચારીએ, સમજીએ ને અનુભવીએ તેવી રીતે 'સદ્ગુરુ'ને કરવાપણું હોતું નથી. આ રીતે 'સદ્ગુરુ'નું બેસણું સ્થિતપ્રજ્ઞ કરતાં ઊંચું છે.''

શ્રીમદ્ભાગવત્‌માં જીવન્મુક્તની સ્થિતિ આ પ્રમાણે વર્ણવી છે : ''જેમ મદિરાનું પાન કરી ઉન્મત થયેલા પુરુષને દૈવયોગે પોતાના શરીર પર વસ્ત્ર રહેલું હોય અથવા ખસી ગયેલું હોય તેનું ભાન હોતું નથી, તેમ જેણે સ્વરૂપનો અનુભવ કર્યો છે તેવા સિદ્ધપુરુષને તેનું વિનાશી શરીર પ્રારબ્ધવશ બેઠું છે, ઊભું છે, બહાર

ગયું છે કે પોતાને સ્થાને પાછું આવ્યું છે તેનું ભાન રહેતું નથી. પ્રારબ્ધથી પ્રાપ્ત થયેલા વિષયો જીવન્મુક્તમાં વિકાર ઉત્પન્ન કરી શકતા નથી.'' ['જેમાં કદી કો ન વિકાર થાય'].

મહાયોગી વિશુદ્ધાનંદજીએ જીવન્મુક્તનાં લક્ષણો વિશે બહુ જ વિશિષ્ટ વાત કરી છે. તેઓએ કહ્યું છે : ''બાહ્યલક્ષણોને આધારે મહાપુરુષોને ઓળખવાનો પ્રયત્ન માત્ર ધૃષ્ટતા છે.'' ''તો શું બાહ્ય લક્ષણો વ્યર્થ છે ?'' એના ઉત્તરરૂપે તેઓ કહે છે : ''લક્ષણશાસ્ત્ર વ્યર્થ નથી. જે જ્ઞાની છે એ એમને અવશ્ય ઓળખી જાય છે, પરંતુ એ સરળ નથી. જો મહાપુરુષ સ્વયં પોતાનો પરિચય આપવા ન ઈચ્છે તો લક્ષણો દ્વારા કોઈ એમને ઓળખી શકતું નથી.''

છેલ્લે ૯૮મા શ્લોકમાં ભટ્ટ સાહેબ લખે છે કે આ આત્મતત્ત્વ સૌનું સાચું સ્વરૂપ છે પણ જે એને પામે છે, ઓળખે છે, ઉપલબ્ધ કરે છે તેના આગળ કહ્યા છે તે પ્રમાણેના ત્રણ તાપ [આધિ, વ્યાધિ, ઉપાધિ] સદાને માટે વિરામ પામે છે, દૂર થાય છે. શ્રી રમણ મહર્ષિ કહે છે : ''તમે પોતે એક જ છો, નવું કશું મેળવવાનું નથી. માત્ર તમારા પરનું અનાત્માનું આવરણ દૂર કરવાનું છે.'' ***(ક્રમશઃ)***

## ૧૮. સંતહૃદય - પૂ. શ્રીમોટા

**સ્વજન :** મોટા, મને માફ કરજો. પણ મારા મનમાં એક પ્રશ્ન જાગે છે કે આપ આપનાં સગાંવહાલાં પ્રત્યે જોઈએ તેટલા હમદર્દીથી વર્તતા નથી.

**શ્રીમોટા :** आ जीव પોતાના શરીરનાં સગાંવહાલાં પરત્વે જોઈએ તેટલાં પ્રેમ અને હમદર્દીથી વર્તતો નથી. સાધારણ રીતે મને કોઈ પણ પ્રકારની મારા વર્તન કે વલણ સંબંધી સમજૂતી આપવી ગમતી નથી. અનેક સ્વજનોનાં મનાદિકરણોમાં ગમે તેટલા અન્યથા ભાવના પ્રત્યાઘાત જાગે કે પડી રહેલા હોય તોય, તે તે જીવોને આ જીવ પોતાનાં કર્મ કયા હેતુથી ને કેવી ભૂમિકા પરથી થયાં છે તેની સમજૂતી ન આપતાં તેમના અન્યથા ભાવભરેલાં વલણ-વર્તનને પ્રભુપ્રસાદીરૂપે શાંત ચિત્તે ને પ્રફુલ્લ હૃદયે સ્વીકારી લેવાનો અભ્યાસ પ્રભુકૃપાથી આ જીવને પડેલો છે. આવું મૌન પાળવાનું હેતુપૂર્વક રાખ્યું છે.

ગમે તેટલી મૌખિક સમજૂતીઓ આપીએ તોપણ માનવી એમ કંઈ કોઈનો સમજાવ્યો સમજી જતો નથી કે કશું પણ-સમજૂતિ પણ-માનવી પોતાની અંતરની ભૂમિકા અનુસાર ને તેટલા જ પ્રમાણમાં ને ભાવમાં સ્વીકારે છે ને સ્વીકારી શકે છે. જો ઉપદેશથી માનવી સુધરી જતો હોય તો તો અત્યારે દુનિયાના જે હાલહવાલ છે, માનવી માનવી વચ્ચે જે વેરઝેર ને રાગદ્વેષ ભરેલાં પડેલાં છે, તે બધું ક્યારનુંયે અદશ્ય થઈ ગયું હોત ને આ પૃથ્વી સ્વર્ગ સમી થઈ હોત. ભૂતકાળમાં થયેલા તેમ જ વર્તમાનમાં જેઓ શરીર ધારણ કરી રહ્યા છે તે બધા સંત-મુક્તાત્માઓએ જગતને કહેવામાં કશું બાકી રાખ્યું નથી; એટલે તેમના ઉપદેશથી જગત ક્યારનુંયે દિવ્યભૂમિ બની ગયું હોત. પણ વાસ્તવિકતા એ છે કે **અખા ભગત કહે છે તેમ ''કથા સૂણી સૂણી ફૂટ્યા કાન, તોય ન આવ્યું બ્રહ્મજ્ઞાન.''** આવી હકીકત અસંખ્ય માનવીની છે, તે કારણસર સમજૂતી આપવાનું (કોઈ અપવાદ સિવાય) રાખ્યું નથી. આ જીવને જેને જેમ સમજવો હશે તેમ તે ભલે સમજે; તેની ભૂમિકા પાકતાં જતાં, એના અંતરનાં મન, બુદ્ધિ વગેરે કરણોની શુદ્ધિ થતાં, તેના અન્યથા ભાવિ ખ્યાલો બદલાવાના જ છે, એ બે ને બે ચાર જેવી નિશ્ચિત હકીકત છે, અને ત્યાં સુધીની આ જીવને પ્રભુકૃપાથી ધીરજ છે.

મૌન ધારવાનું બીજું કારણ એ છે કે મૌનમાં જેટલી શક્તિ છે તેટલી આવી વાણીની સમજૂતીમાં નથી. **સદ્ભાવનાનું વાહન વાણી કરતાં મન વિશેષપણે છે. એટલે દિલનો સદ્ભાવ આજ નહિ તો કાલે પણ યોગ્ય સમજૂતી અંતરમાં અંતરથી પ્રેરાવ્યા વગર રહેશે નહિ.** *('આકાશી ઉજાસ' પ્ર.આ., પૃ. ૭૦-૭૧)*

# હરિઃૐ આશ્રમ, નડીઆદ

## ઉત્સવ/તહેવારની યાદી

- **તા. ૧૭-૦૯-૨૦૨૨, શનિવાર** — પૂજ્ય શ્રીમોટા ૧૨૫મો અવતરણદિન
  પ્રથમ દિવસ : સાંજે ૫-૦૦ કલાકથી

  **તા. ૧૮-૦૯-૨૦૨૨, રવિવાર** — બીજો દિવસ : સવારે ૭-૦૦ કલાકથી

  (વિગતવાર કાર્યક્રમ તેમજ ઉત્સવના સ્થળ સહિતની વિગતવાર માહિતી ટાઇટલ પેજ નં. ૨ ઉપર આપવામાં આવેલ છે.)
- **૩૦-૦૯-૨૦૨૨, શુક્રવાર** — પૂ. ભાઈશ્રી નંદુભાઈનો જન્મ દિવસ (આસો સુદ પાંચમ)
- **૦૫-૧૦-૨૦૨૨, બુધવાર** — વિજયા દશમી (દશેરા)
  સવારે ૮-૩૦ ધજા આરોહણ વિધિ
  યજમાન : આશરા પરિવાર
- **૨૪-૧૦-૨૦૨૨, સોમવાર** — દિવાળી / શારદા પૂજન / ચોપડા પૂજન

**નોંધ : જે સ્વજનોએ પૂજન માટે ચોપડા આપવાના હોય તેઓ તા. ૨૩-૧૦-૨૦૨૨ ને સવારે ૧૦-૦૦ કલાક સુધીમાં આશ્રમમાં આપી દેવાના રહેશે.**

- **૨૬-૧૦-૨૦૨૨, બુધવાર** — વિક્રમ સંવત ૨૦૭૯ નૂતન વર્ષ પ્રારંભ
  બેસતું વર્ષ / ભાઈબીજ

**વિશેષ નોંધ :** (૧) **દરેક સ્વજનશ્રીઓએ સરકારશ્રી દ્વારા કોરોનાની સ્થાયી સૂચનાઓ તેમજ વખતોવખત બહાર પાડવામાં આવેલી સૂચનાઓનો અમલ સ્વયંશિસ્ત જાળવીને અચૂક કરવાનો રહેશે.**

(૨) **ઉત્સવની ઉજવણીનું સ્થળ ઘોષિત કરેલ ન હોય ત્યારે હરિઃૐ આશ્રમ, નડીઆદમાં ઉજવાશે.**

---



# હરિઃૐ આશ્રમ, નડીઆદ

પૂજ્ય શ્રીમોટાનો ૧૨૫મા વર્ષ પ્રાગટ્ય દિન (જન્મદિન)ના સ્મૃતિચિહ્નના સંભારણા તરીકે ૨૦ ગ્રામ ચાંદીનો સિક્કો બહાર પાડવામાં આવશે. જે સ્વજનો યાદગીરી જાળવવા ઈચ્છતા હોય તે સ્વજનોએ પોતાનું નામ, સરનામું, ટેલિફોન નંબર સહિત નીચેના નંબર પર સંપર્ક કરી નોંધણી કરવા જણાવવામાં આવે છે.

પૂજ્ય શ્રીમોટાનો ૧૨૫મા વર્ષનો પ્રાગટ્ય દિન
હરિઃૐ આશ્રમ નડીઆદ સુરત
• ૧૮૯૮-૨૦૨૨ •

| | | |
|---|---|---|
| • મંગેશભાઈ (જોગેશભાઈ) | હરિઃૐ આશ્રમ, નડીઆદ | ૯૮૨૫૦ ૮૩૦૮૦ |
| • | હરિઃૐ આશ્રમ, સુરત | ૯૭૨૭૭ ૩૪૪૦૦ |
| • સુરેશભાઈ વોરા | હરિઃૐ નામસ્મરણ મંદિર, નરોડા | ૯૪૨૭૫ ૫૪૩૯૧ |



# અવતરણદિન મંગલાષ્ટક

આજે મંગલ ચોથના શુભ દિને કોટિ પ્રણામો તને,
'સો સો તું શરદો જીવો જગતમાં', એ પ્રાર્થીએ સૌ અમે,
કોટિ સૂર્ય સમા પ્રકાશદીપથી મુક્તિ સદેહે મળી,
તારા મંગલ જન્મથી વહી રહી શી ભાવ–ભાગીરથી ! ॥ ૧ ॥

તારા મંગલ જન્મથી બની ગયાં શાં ધન્ય માતાપિતા,
તારા ચેતન–જન્મથી સુરગણો આનંદભાગી બન્યા,
સ્વર્ગેથી સુરગંગ આજ તુજ શાં પાયો પખાળી રહી,
તારા મંગલ જન્મથી વહી રહી શી ભાવ–ભાગીરથી ! ॥ ૨ ॥

પ્રીતિ પૂર્ણ પ્રભુ મહીં તવ રહી, ને ભાવ અદ્વૈતમાં,
સાક્ષાત્કાર કરી અનંત પ્રભુનાં તેં ગાન સુણાવિયાં,
તારી પૂર્ણ કૃપા વડે વહી રહી ધારા હરિનામની,
તારા મંગલ જન્મથી વહી રહી શી ભાવ–ભાગીરથી ! ॥ ૩ ॥

આત્માનંદ મહીં સદા વિચરતા, રહેતા છતાં અંગમાં,
અજ્ઞાતે રહીને તમે શિખવિયા આદર્શ મોંઘામૂલા,
કીર્તિ કે સ્તુતિની કરી ન પરવા, ના નામના તેં ચહી,
તારા મંગલ જન્મથી વહી રહી શી ભાવ–ભાગીરથી ! ॥ ૪ ॥

મોચ્યાં પાપ અમાપ તેં અમ તણાં, વૃષ્ટિ કરી ભાવની,
તારી પ્રેમલ પાંખમાં સ્વજન સૌ પામ્યાં શીળી છાંયડી;
મીઠો સ્નેહ દીધો ધરિત્રી સમ તેં વાત્સલ્ય–મૂર્તિ બની,
તારા મંગલ જન્મથી વહી રહી શી ભાવ–ભાગીરથી ! ॥ ૫ ॥

સૌના દોષ અસંખ્ય ને અવગુણો ચિત્તે લીધા ના કદી,
સત્કર્મો કરવા તણી જીવનમાં તેં પ્રેરણા શી દીધી.
કસ્તુરી સમ મ્હેંકતી તુજ તણી સુવાસ ફેલાયેલી,
તારા મંગલ જન્મથી વહી રહી શી ભાવ–ભાગીરથી ! ॥ ૬ ॥

આજે મંગલપર્વને ઉજવવા સૌ પ્રેમી ભેગાં મળ્યાં,
ભાવોની શુભ અંજલિ સમર્પી સદ્‌ભાગ્યશાળી બન્યાં;
આત્માના પ્રતિબિંબની તુજ છબી આજે અલૌકિક શી,
તારા મંગલ જન્મથી વહી રહી શી ભાવ–ભાગીરથી ! ॥ ૭ ॥

હૈયાના મુજ હેતનું તિલક હો ને ભાવની દક્ષિણા,
અર્ચા હો મુજ સ્નેહની તવ પદે ને દિલની વંદના.
પુષ્પો મંગલ–ભાવના શુભ ગ્રહી ને ઉર તારે ગૂંથી,
માળા આ મુજ પ્રીતની ધરી રહું સ્વીકારજો પ્રેમથી ! ॥ ૮ ॥

– પુષ્પાબેન દલાલ

**(Printed Matter)**

**RNI No. GUJGUJ/2018/76364**

Printed and Published by RAJENDRA BACHUBHAI RAVAL on behalf of HARI OM ASHRAM - NADIAD and Printed at Sahitya Mudranalaya Pvt. Ltd., City Mill Compound, Kankaria Road, Ahmedabad-380022 and **published from HARI OM ASHRAM - P.B. No. 74, NADIAD-387001.**

Hon'ble Editor RAJENDRA BACHUBHAI RAVAL